
Summit



# અધ્યાત્મ

વર્ષ : ૧૪ જુલાઈ–૧૯૯૩ અંક : ૧૦

## * જ્ઞાનીની અકળ લીલા *

પાણીમાં નાવ ફાવે ત્યાં ફરે છે, પરંતુ એનું નિશાન હમેશાં ધ્રુવતારા તરફ રહેતું હોય છે, તેવી રીતે અસંગ-શસ્ત્રવાળો પુરુષ સંસારમાં રહીને અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરતો હોય તોપણ, એનું લક્ષ્યસ્થાન એક ઈશ્વરજ રહે છે, એનું મન પરમાત્મામાં જ રહે છે, એની પ્રવૃત્તિઓ પર-માત્માની પ્રસન્નતાને માટેજ થતી હોય છે, એ સંસારના પદાર્થો કે વિષયોમાં બંધાઇ નથી જતો, મોહાંધ નથી થતો, અને પોતાના જીવનધ્યેયનું તથા પરમાત્માનું વિસ્મરણ પણ નથી કરતો. એવું વિસ્મરણ એ કરીજ નથી શકતો. એ જાણે છે કે સંસાર ગમેતેવો આકર્ષક અને સુખદાયક હોવા છતાં સ્થાયી નથી, પરિવર્તનશીલ છે, અને એક દિવસ એમાંથી ચાલતી પકડવાની છે. એટલે જીવનનો જે સોનેરી સમય મળ્યો છે તે સમય સંસારમાં ભાન ભૂલીને બેસી રહેવાને બદલે, પોતાના ને બીજાના હિતને માટે જ વાપરવો જોઇએ. એવી ઊંડી ને સાચી સમજણથી પ્રેરાઇને તે પોતાની પ્રવૃત્તિઓનું ચક્ર ગોઠવતો હોય છે, અને કાર્યક્રમ પણ એને સહાયક થાય એવી રીતે જ યોજતો હોય છે. સંસારમાં તે જીવે છે અને વિવિધ વ્યવહારમાં ભાગ પણ લે છે, પરંતુ ભ્રાંત બનીને નહિ પણ તદ્દન તટસ્થ રહીને કે સાક્ષીરૂપ થઇને. જીવનના રહસ્યમય નાટકનો એ કુશળ છતાં સદાયે સાવધ અને અલિપ્ત અભિનેતા બની રહે છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધછે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| અમૃતપળોનો આસ્વાદ–૮ | ગોરધનભાઈ કલોલા | ૧૨ |
| જપયજ્ઞ | — | ૨૩ |
| "મા" | દક્ષેશ (કોન્ટ્રેક્ટર) | ૨૪ |
| પ્રાર્થના સંભળાય છે | રૂક્ષ્મણિબેન પી. પ્રજાપતિ | ૨૫ |
| ગુરુરેવ પરબ્રહ્મ; તસ્મૈ શ્રીગુરવે નમઃ | કમલ સુથાર | ૨૭ |
| ગુરુપૂર્ણિમાનો સંદેશ | — | ૩૧ |
| કૂવો-આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનનું પ્રતીક | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૩ |
| Transformation of Life | યોગેશ લાડ | ૩૭ |
| પ્રેરક પ્રસંગો | ઝિઝુવાડિયા કનૈયાલાલ | ૪૦ |
| હિમાલયના પત્રો | સુરેશ શાહ | ૪૭ |
| નમ્ર અનુરોધ | પ્રો. ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર | ૫૩ |
| માને પ્રાર્થના | પરમાર્થી | ૫૫ |
| મરવાનુ શિખવાડો | ડૉ. રણજિત પટેલ | ૫૬ |
| સંતોના બે બોધપ્રદ પ્રસંગો | અધ્યાત્મ પ્રેમી | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * ગુરુકૃપાની સહાય *

'અધ્યાત્મ' માસિક એ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અદ્‌ભુત જીવનલીલા–ઉપવનનું એક અનેરુ સુગંધી પુષ્પ છે, જેમાં પૂ. મા શ્રી સર્વેશ્વરી કોઈક અને કોઈકને નિમિત્ત બનાવી સત્કર્મનો પમરાટ અને તાજગી પૂરતાં રહે છે. લગભગ એક વર્ષ કેનેડાના સાધક ભાઈબહેનોને એવા નિમિત્તનું સદ્‌ભાગ્ય સાંપડયું, તો હવે અમેરિકામાં વસતા મા–પ્રભુના ભક્તો દ્વારા એ સત્કર્મ થઈ રહ્યું છે. એ રીતે જુલાઈ ૯૩ ના અંકનો પ્રકાશન ખર્ચ અમેરિકાના ભાવિક ભાઈબહેનો આપી રહ્યાં છે, તે બદલ તેઓ સહુના અમે આભારી છીએ.

– તંત્રી (અધ્યાત્મ)

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જન્મદિનની

## * તા. ૧૫ ઓગસ્ટની ઉજવણી *

આગામી તા. ૧૫ મી ઓગસ્ટ એ આપણા પરમ વંદનીય ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો જન્મદિન છે. તે દિવસની ઉજવણી સર્વે સાધકો સાથે મળી કરે તો પરસ્પરને વધુ લાભ થાય. આ ઉજવણી અમદાવાદ ખાતે કરવા માટે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટે ઠરાવ્યું છે. સ્થળ અંગે દરેક કેન્દ્રો અને સાધકોને અલગ રીતે જણાવવામાં આવશે.

ગુરુપૂર્ણિમાની ઉજવણી દરેક કેન્દ્ર પોતપોતાની રીતે કરે, અને પૂ. ગુરુદેવના જન્મદિનની ઉજવણી સર્વે સાધકો સમૂહમાં સાથે મળી કરે એવી પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઇચ્છા હોવાથી ગુરુપૂર્ણિમાનો કાર્યક્રમ રદ કરી, પંદરમી ઓગસ્ટનો કાર્યક્રમ આ રીતે યોજવામાં આવનાર છે.

— તંત્રી, અધ્યાત્મ

## * તુલસીદળ અને સરલગીતા *

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી તુલસીદળ અને સરલગીતાના પુસ્તકો ટૂંક સમયમાં બહાર પડનાર છે. તો જેઓને આ પુસ્તકો જોઇતાં હોય, તેઓએ તેઓની જરૂરિયાત તંત્રી અધ્યાત્મ, પરમ-ધામ, પ્લોટ નં. ૧૬૮૮ બી., ભાવનગર–૧ ના સરનામે જણાવવું.

સરલગીતા આ વખતે પણ રૂ. ૨/– ના રાહતદરે આપવાની છે, જ્યારે તુલસીદળની કિમ્મત રૂ. ૪/– છે. દરેક કેન્દ્રોને વિનંતી છે કે તેઓ તેઓના વિસ્તારના સાધકોની જરૂરત સંકલિત કરીને અત્રે મોકલાવે, તો એક સાથે નકલો મોકલવી સુગમ રહે. પોસ્ટેજ પેકીંગ ને ફોરવર્ડીંગ ચાર્જીસનો સમાવેશ ઉપરોક્ત કિમ્મતમાં થતો નથી. તેની નોંધ લેવી.

— તંત્રી

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ જુલાઈ–૧૯૯૩ અંક : ૧૦


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૬–૨–૮૧, સોમવાર, મહા સુદ તેરસ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

ગઈકાલે રાજકોટવાળા શાંતિભાઈની વર્ષગાંઠ હતી. પૂ. શ્રીએ કહ્યું : તમારી ગાંઠ પ્રભુ સાથે વધુને વધુ મજબૂત થાઓ, એવું ઈચ્છું છું. વર્ષગાંઠ ઘણી ઘણી આવે. વળી વડોદરાવાળા કુંદનબેન ગાંધી કહે : મારી ૨૦ મી તારીખે વર્ષગાંઠ છે. તો પૂ. શ્રી કહે : "તમારા જીવનમાં ભક્તિ વધો. શુક્રવારના ઉપવાસ કરો છો? તો કુંદનબેન કહે : આપની આજ્ઞા હોય તો શુક્રવાર છોડું ને બીજો કયો વાર કરું? પૂ. શ્રી કહે : ગુરુવાર કરો.

આજે નિયમ પ્રમાણે બધો જ ક્રમ શરૂ થયો. બપોરે મુલાકાત બંધ હતી. બપોરે ડોક્ટર આવીને સર્વેશ્વરીના હાથને તપાસે છે.



એના અનુસંધાનમાં હોસ્પિટલમાં એક્ષ–રે માટે આજે સાંજે જવાનું બન્યું. બરાબર આજે સત્સંગની બેઠક છ વાગ્યે શરૂ થઈ.

આ ઉતારાનું મેદાન મોટું છે. જેથી સૌ ભક્તો માટે પાથરણાં પાથર્યાં છે. પૂ. શ્રી માટે ગુલાબી રંગની ચાદરવાળો નાનો પલંગ મૂકવામાં આવ્યો છે. એ બેઠકની પાસે સોફા જેવી એક ખુરશી મૂકવામાં આવી, જેના પર અનુક્રમે પૂ. શ્રી તથા સર્વેશ્વરી બેઠાં છે. ભક્તો આવતા જાય છે. સુતરિયાનું ગ્રુપ સુંદર ભજનો શરૂ કરે છે. સ્ત્રીપુરુષો આવી બેસવા માંડે છે.

પ્રશ્નોત્તર શરૂ કરવાનો સમય ૬–૩૦ થી ૭–૩૦ નો છે, એમ પૂ. શ્રી કહે છે. જેથી ભજનો ચાલુ જ છે. ત્યાં વળી પૂ. શ્રીએ પ્રશ્નો છે એમ પૂછ્યું, જેથી શ્રીહરિ પ્રશ્ન વાંચે છે.

**પ્રશ્ન :** સ્વધર્મને પરધર્મ વિષે સમજાવવા વિનંતિ.

**પૂ. શ્રી :** આ તો બહુ મોટો પ્રશ્ન છે. કેટલા માર્કસ મૂક્યા છે? (માર્ક પ્રમાણે જવાબ અપાય). સ્વધર્મ : જન્મ થયો એટલે પ્રથમ સ્વધર્મ કયો? માને જોવું. 'મા' શબ્દ બોલવો. એ એનો સ્વધર્મ, જેણે એને જન્મ આપ્યો, પાલનપોષણ કર્યું તે માતાની સેવા એ સ્વધર્મ. તો વળી અતિથિ સેવા, પરિવારની સેવા, આજીવિકાનાં કર્મો આ બધા સ્વધર્મો–પણ એથી શ્રેષ્ઠ સ્વધર્મ–જુઓ ફૂલ છે. ફૂલનો પોતાનો ધર્મ એની સુગંધ. ફૂલનો સ્વધર્મ ફોરમ. મધનો મધુતા, ચંદ્રની ચાંદની, સૂર્યનો પ્રકાશ—એ રીતે માનવનો સ્વધર્મ માનવનો માનવતા. માનવતા પૂર્ણરૂપે ખીલે તો તે પ્રભુતા બની જાય. તો પ્રભુતામાં સ્થિર થવું તે સ્વધર્મ. માનવનો ધર્મ હિન્દુ, (ઈસ્માલ), ખ્રિસ્ત નથી માનવનો. ધર્મ મનુષ્ય તરીકે પોતાની, પ્રભુ પ્રત્યેની ફરજ. પરમાત્મા તરફ જવું તે સ્વધર્મ.

બીજું કાર્યક્ષેત્ર બદલવું તે પરધર્મ થયો. સંન્યાસી તપ છોડીને ગૃહસ્થી બનવા ઇચ્છે તો તે પરધર્મ ગણાય. તો આવા પરધર્મ કલ્યાણ–કારક નથી. પોતાનું કર્તવ્ય છોડી બીજાનું કર્તવ્ય કરવા જાય તો તે પરધર્મ.

**પ્રશ્ન :** શ્રાદ્ધ કરીએ પણ જન્મ થયો હોય તો પહોંચે ખરું?

**પૂ. શ્રી :** પહોંચ્યું કે નથી પહોંચ્યું તેના કોઇ સમાચાર તમને મળ્યા છે? ના, તો પછી શ્રદ્ધાથી જ કરો ને! શ્રાદ્ધ નિમિત્તે ભોજન વગેરે આપો તો તરત જ તે સૌને તૃપ્તિ મળશે. વળી શ્રાદ્ધની ક્રિયા બદલો. છાત્રાલયમાં ગરીબો, અનાથોને મદદ કરો. ગરીબોને ચંપલ આપો. શક્તિ હોય તો શાળાનો ઓરડો બાંધો આ બધી રીતે તમે શ્રાદ્ધ કરી શકો છો.

**પ્રશ્ન :** સ્વપ્નમાં જે મંદિર દેખાય જેને અગાઉ જોયું જ ન હોય, તે ઘણાં વખત પછી તે સ્થાન સાચું જ હોય ત્યાં જોવાનું મળે તો એવું કેમ બને?

**પૂ. શ્રી :** તમે તે મંદિરમાં ગયા હશો જેથી તે સંસ્કારો મનમાં છે જ, તેથી તે દૃશ્યો દેખાય છે. આ જન્મે કે ગયા જન્મે પણ ગયા હશો, તેથી તે સંસ્કારોથી એ બધાં દૃશ્યો દેખાય.

પ્રશ્નોત્તરી બાદ ભજન ગવાયું : 'પ્રભુ મને પાજો રે! સર્વેશ્વરીએ ભજન ગાયા બાદ પાંચ મિનિટ ધ્યાન પૂ. શ્રીએ કરાવ્યું, કારણ આજે ધ્યાન વિષે ઘણા પ્રશ્નો પૂછાયા હતા. ધ્યાન બાદ આરતી, ધૂન થઇ.

ત્યારબાદ અલ્પાહાર. પછી આરામ.



**તા. ૧૭–૨–૮૧, મંગળવાર, મહા સુદ ચૌદસ, ૨૦૩૭, સ્થળ : મોરબી.**

આજે આખો દિવસ યથાવત્ પ્રવૃત્તિ ચાલુ રહી. આજે ડોક્ટર બાર વાગ્યે આવીને સર્વેશ્વરીને પાટો બાંધે છે. ત્યારે પૂ. શ્રી ડોક્ટર પાસે ડોક્ટરી વિજ્ઞાનની વાતો કરે છે. સાથે રહેનારની પૂર્ણ કાળજી લઇને ડોક્ટર પાસે બધી જ વિગત જાણી લે છે, સૂચના મેળવી લે છે.

આજે પણ સાંજે સત્સંગની બેઠક શરૂ થઇ. ભક્તો આવીને પોતાની બેઠક લે છે. સૌની સામે પૂ. શ્રી પલંગ પર બરાબર ૬ વાગ્યે પોતાની બેઠક લે છે. સુતરિયા ગ્રુપ ભજન, ધૂન, દોહાની રમઝટ બોલાવે છે. ૧૫ મિનિટ પછી પ્રશ્નોત્તરી શરૂ થાય છે.

**પ્રશ્ન :** શરણાગતિ એટલે શું?

**પૂ. શ્રી :** શરણાગતિનો સહેલો સાદો અર્થ શરણમાં આવવું. જેનું શરણ લીધું તેને લાગે કે શરણમાં આવી ગયો.–જેમ રામને લાગ્યું કે વિભીષણ સાચે જ શરણમાં આવી ગયા. ગમે તેવું શરણ ન લેવું. અનિવાર્ય હોય તો જ શરણ લે. શરણે જવાથી ફાયદો થાય તો વિચારે. શરણે જવાથી સુખ લાગે, શાંતિ મળે તો જ શરણે જાય. જેને શરણે હોઇએ તેનું સ્મરણ, શરણે જનાર વ્યક્તિને આપોઆપ થયાં કરે. શ્રદ્ધા હોય, પ્રેમ હોય તો જ સ્મરણ ને શરણ લેવાય. શરણ લેનારને અહં ન હોય. તે સમર્પિત માનસિક પ્રક્રિયા છે. ભગવાન્ જે સ્થિતિમાં રાખે તે સ્થિતિમાં આનંદ માને.

(આટલી સમજ આપ્યા પછી પૂ. શ્રી પોતાની નવી કૃતિ 'અમારા જીવનમાં મળો એવી રીતે'–ખૂબ પ્રેમથી સંભળાવે છે.)

ભક્તનો શરણાગતિ ભાવ કેવો હોય છે તે આ કૃતિમાં છે. પૂ. શ્રી સમજાવે છે : મળે ને પછી વરે નહીં. છોકરી જુએ ને મળે પણ વરવાની ના પાડે, તેમ ભગવાનને કહે એવું નહીં. મળે ને વરે સાથે જ. તરત જનોઇને તરત લગન. નહીં તો ભક્તની લાજ કેવી રીતે રહે? આખાયે ગીત દરમ્યાન વચ્ચે વચ્ચે પૂ. શ્રી પોતાની આ પંક્તિઓ સમજાવે છે. ખૂબ પ્રેમથી સૌ ઝીલે છે.

**પ્રશ્ન** : માબાપના જન્મ કે મૃત્યુ શા પ્રમાણે માનવું? તિથિ કે તારીખ પ્રમાણે?

**પૂ. શ્રી** : જુઓ, તમારું જીવન તારીખમય થઇ ગયું છે. પગાર, રજા બધું જ તારીખ પર આધાર રાખે છે. તમે બંને જ માનો. એમાં તારીખ ને તિથિ મનાવીને મહત્ત્વનું શું છે તે વિચારો. માતાપિતાના જીવન કેવાં, તેના આદર્શો કેવા તે વિચારો. માતાપિતાના જીવનમાંથી પ્રેરણા મેળવો. જીવતાં મા–બાપના આશીર્વાદ મેળવો. મા–બાપના નામને ઉજ્જ્વળ કરવા કંઇ કરો છો?–તે વિચારો. તે દિવસે તન–મન–ધન ને વિદ્યાથી બીજાને ઉપયોગી થાઓ. બંને મનાવો પણ પ્રેરક જીવન બનાવો.

**પ્રશ્ન** : મંત્રજપ ને નામજપમાં ફેર શો?

**પૂ. શ્રી** : એક જ છે. નામ વિના મંત્ર થઇ શકે તો રામનું નામ એ જ મંત્ર છે. નામજપ ને મંત્રજપ એક જ છે. પણ અનુષ્ઠાન ને પુરશ્ચરણમાં વિધિનો ફેર હોય છે.

**પ્રશ્ન** : જ્ઞાન–ભક્તિ ને કર્મયોગ એટલે શું?

**પૂ. શ્રી** : જેમાં જ્ઞાનની વિશેષતા–તે જ્ઞાનયોગ ભક્તિની વિશેષતા તે ભક્તિયોગ ને કર્મની વિશેષતા તે કર્મયોગ.

**પ્રશ્ન** : કર્મ સંન્યાસ એટલે શું?



**પૂ. શ્રી** : કર્મ સંન્યાસ એટલે આળસુ–કર્મને છોડવાની વાત નથી. કર્મનો પ્રકાર બદલાશે. સંન્યાસ એટલે ત્યાગ. સંન્યાસ અહંકારનો, કામવૃત્તિનો, રાગનો, ક્રોધનો થાય, પણ સંન્યાસ પુરુષાર્થનો, દાનનો, તપનો નહીં. સત્કર્મોનો નહીં, યજ્ઞ, તપ ને દાનનો સંન્યાસ લેવા જેવો નથી. યજ્ઞ = પ્રભુને પ્રસન્ન કરવા તપ = સંયમ અને દાન = બધાને મદદરૂપ થવાની ભાવના.

**પ્રશ્ન** : શ્રેષ્ઠ માનવ એટલે શું?

**પૂ. શ્રી** : નિરોગી શરીર. રાગદ્વેષરહિત, ભ્રાન્તિરહિત મન, સંવેદનશીલ હૃદય–દયા, ક્ષમા, હમદર્દીવાળું, આત્મા એનો અ-વિદ્યાથી મુક્ત હોય. પોતાના થકી બીજાને સુખશાંતિ આપી શકે.

**પ્રશ્ન** : ધાર્મિક માનવ કોને કહેવાય?

**પૂ. શ્રી** : ધર્મની મર્યાદામાં જીવનારો. સેવા કરે. દાન કરે. સંયમ પાળે. ધર્મના આદેશ પ્રમાણે જીવે તે ધાર્મિક. તે મંદિરમાં ન પણ જતો હોય, માળા ન પણ પહેરતો હોય, પણ તે ધાર્મિક માણસ હોઇ શકે.

આજે એક ભાઇ અને એક બેનને મંત્ર નક્કી કરવામાં પૂ. શ્રીએ મદદ કરી. પ્રશ્નોત્તરી બાદ અલ્પાહાર. ત્યારબાદ આરામ. હરિઃ ૐ

( ક્રમશઃ )

# અમૃતપળોનો આસ્વાદ–૮

ગોરધનભાઈ કલોલા

પૂ. માનું જીવન તો ઝરણા જેવું છે, બસ, વહ્યા કરે છે, પ્રેમ-ભક્તિના અમર સંગીતને પ્રકટ કરતું! એ મધુમય કલકલ નિનાદે વહેતા જીવન ઝરણાએ અનેક જીવન પ્રવાસીઓના જીવનોને પ્રેમભક્તિથી ગુંજતાં કર્યાં છે. અખંડ વહેતા એ પ્રેમરસનિધિ પાસે જેઓ પહોંચે છે તેઓના તનમન અંતરમાં દિવ્યતાની ટાઢક ફરી વળે છે. કલ્યાણની ભાવના ત્યાં મૂર્તિમંત બનીને ઝરણા સ્વરૂપે વહ્યાં કરે છે.

કોકની આંખોને ઠારું, વટેમાર્ગુ કોક
આવે તેનો ફેરો કદી કરું નહીં ફોક;
કોક રસિયાનો બનું વિમુક્ત વિહાર,
નિરાશ કોઈનો થઉં આશાનો મિનાર;
અખંડ ઉત્સાહ તેમ કર્મ તણું ગાન,
ગાઈને વહું, ભલેને મળે નહીં માન.
પ્યાસીની મટાડું પ્યાસ એટલો સંતોષ,
શાંતિ આપે તેમ ભરે મારા મહીં જોશ.

પૂ. માનો જીવન વિહાર આ ઝરણાંની જેમ દૂર–સુદૂર સુધી સૌને તૃપ્ત કરતો નિરંતર થતો રહે છે. દેશવિદેશમાં સતત થતું એ વિચરણ સૌને પરમ યાત્રાનો પરમાનંદ બક્ષ્યા કરે છે. માતૃ-વાત્સલ્યની આ પ્રેમગંગા ઘરબેઠાં આવે છે, અને સૌના અંતરમાં વહીને મનની મલિનતાને સાફ કરે છે. એ અમૃતમય સ્પર્શે



આનંદના ઓઘ ઉછળી રહે છે અને પરમાત્માની દિવ્યતાનો એહસાસ કરાવે છે.

એ વિચરણના એક ભાગરૂપે પૂ. મા આજે કલકત્તા પધાર્યાં છે. સૌ પ્રથમ તો એ દર્શનની દિવ્ય માધુરી માણી લઈએ. એ મધુમય દર્શને અંતરમાં દિવ્યસંગીત સહજ જ વહેવા લાગે છે, જેમ જેમ એ દર્શન સંગીતને માણતાં જઈએ તેમ તેમ એ ભાવભીના સંગીતથી અંતર તૃપ્ત થતું જાય છે. એ દર્શનમાં તૃપ્તિનો ઓડકાર છે. ભાવ ધરીને કરાતાં દર્શને, સકળ સૃષ્ટિનું મધુ એ નાનકડાં નયનોમાં જાણે સમાયેલું લાગે!

પૂ. મા બેઠાં હોય, ચાલતાં હોય કે સૂતાં હોય છતાં એ દર્શનની માધુરી કંઈક ઓરજ હોય છે, એ દર્શન થકી વહેતો પરમપ્રેમ અંતરને આર્દ્ર કરે છે. જુઓને અત્યારે પૂ. મા એર-પોર્ટની અંદર એક ખુરશીપર બિરાજ્યાં છે. પ્રભુ, શાંતિથી એ ખોળામાં પરમસુખ માણતા બેઠા છે, અને આસપાસ છોકરાઓના મીઠા કલરવથી વાતાવરણ ભર્યું ભર્યું લાગે છે. શ્રી ભગવાનજી-ભાઈ અને મધુભાઈ ઉતારાની વ્યવસ્થા માટે બહાર ગયા છે. તેઓ આવે ત્યાં સુધી અહીં આપણે દર્શનસુખ માણતાં બેઠા છીએ. સહેજે સાંપડેલાં દર્શનસુખનો લ્હાવો શા માટે જતો કરીએ? શુભ વસ્ત્રે સરસ્વતી સમાં શોભતાં, નિર્મળ, નિર્દોષ હાસ્ય-ધ્વનિથી ગુંજતા વાતાવરણથી વીંટળાયેલાં, પ્રસન્નતાથી પુલ્કિત મલકાતા મુખારવિંદવાળા, પરમપ્રેમથી પુષ્ટ થયેલાં અને વાત્સલ્ય-ભાવથી લચી પડતાં એ શ્રીઅંગના પરમરૂપનિધાનને નિહાળો ત્યારે સમજી લેવું કે મા સર્વેશ્વરી જ આ અનુપમ દિવ્ય સૌંદર્ય સજીને બેઠાં છે. માધુર્યથી લીંપાયેલા, અને પ્રેમરસથી સદાય નીતરતા પૂ. માના પરમસ્વરૂપને પામવું ખરેખર દોહ્યલું છે. દૈહિક

લાવણ્યના લોભથી ટેવાયેલી આપણી આંખોએ પરમ લાવણ્યથી નિખરી ઉઠેલા સૌંદર્યને ન જાણે ક્યારે પામી શકશે? પરમ સત્યને સાકાર સ્વરૂપે સ્વીકારવા આપણે ટેવાયેલા નથી! પૂ. માનું પરમ સ્વરૂપ એટલું તો નિર્ભેળ છે કે તેમાં ક્યાંય તલસરીખો પણ ડાઘ જોવા નહીં મળે. તપતા સૂર્ય જેવું તેજસ્વી તપ છતાંય પુનમની ચાંદનીની શીતળતા વેરતો એ જીવંત વ્યવહાર, આપણને માનસરોવરની પ્રશાંતિ બક્ષ્યાં કરે છે. ધ્યેય માટે રાતદિવસ એક કરીને મંડયાં રહે છે, પણ ક્યાંય ઉચાટ કે અસ્થિરતા નથી. જેમ જેમ પૂ. માના જીવનને જોતા જઈએ, સમજતા જઈએ તેમ તેમ આપણી સમક્ષ એ પરમશક્તિનું પરમ રહસ્ય ખુલતું જાય છે. એ પરમ રહસ્યને સમજવું એ જ આપણા માટે સાધના છે. એ પરમ સત્યને પામી જવું એ જ સાક્ષાત્કાર છે.

પરમાત્માની પરમશક્તિનો કેટલો મહાન ઉપકાર છે આપણા સૌ પર! આપણી સમક્ષ પ્રકટ થઈને આપણને સહુને પ્રેમ કરે એ સૌભાગ્યની સીમાને બાંધી નહીં શકાય!

અહીં એરપોર્ટ પર પણ એ નિત્યસ્વરૂપની વ્હાલવર્ષામાં બાળ-ગોપાલો ભીંજાઈ રહ્યા છે. એરપોર્ટ હોય કે ગંગાતટ, પરંતુ પરમ સાન્નિધ્યનું સહજસુખ અનાયાસે પણ પરમાનંદમાં ડૂબાડયાં કરે! એ માટે કંઈ પણ પ્રયત્ન કરવાની જરૂર ન પડે. ગંગામૈયા પાસે જેમ સહજ શીતળતા મળે, તેમ પૂ. માનાં શ્રી ચરણોમાં બેસીએ એટલે એ વ્હાલની વર્ષામાં સહજ ભીંજાયા કરીએ. અહીં જુઓને! મીઠા મીઠા વ્હાલ ભર્યા લ્હેકા કરીને અમસ્તાંય પોતાના બાલગોપાલોનાં નામ લઈને પૂ. મા બોલાવી રહ્યાં છે. કામ તો શું હોય! બસ, એ વ્હાલ કરવાનું? બીજું કંઈ બહાનું ન મળે તો છોકરાઓને કંઈક ને કંઈક ખવડાવીને પ્રેમ કર્યા કરે! બેંગ્લોરમાં



કલ્યુ પાસે એક મોટું તપેલું ભરીને શીરો કરાવડાવ્યો અને મંડયાં ખવડાવવા! છોકરાઓનાં પેટ ફાટવા આવ્યાં તોય જાતે જ પીરસીને પરાણે ખવડાવતાં રહે! વચ્ચે વચ્ચે વળી રંજન અને માલતીનું નાટક કરાવીને હસાવી હસાવીને બેવડ વાળી દે! હસાવતાં જાય અને ખવડાવતાં જાય. એ અનંતપ્રેમનો તો અંતજ ક્યાં હોય! અહીં એરપોર્ટ પર પણ સહુને નાળિયેરનું પાણી પીવડાવ્યું. પૂ. માનો આ શીળો સ્પર્શ છે, એ પામીને ધન્ય બની જવાય. સ્વર્ગ અને મુક્તિ એ શ્રી ચરણોમાં આળોટતાં લાગે! લાખો પ્રયત્ને પણ ન મળે તેવું આ તો વિના પ્રયાસે મળેલું પ્રભુનું દાન છે.

> રણમાં છે એ મધુર વીરડી,
> ભોજન ક્ષુધાર્ત સારુ;
> સ્વર્ગ તેમ મુક્તિથી મંગલ,
> જીવનદાન અમારું.
> માનું નામ ખરે રુંપાળું,
> મીઠું ને મનમોહક એ તો,
> છે દુનિયાનું પ્યારું.

પૂ. માના પગલે પગલે પ્રેમસૃષ્ટિ રચાતી રહે છે, અને એ શ્રી ચરણે વળગેલા જીવો એ પગલે પગલે સ્વર્ગ તેમ જ મુક્તિનો મંગલ મહોત્સવ માણતાં રહે છે.

હવે એરપોર્ટ પરથી સૌ 'હોટેલ ધ્રુવ સ્ટાર'ના ઉતારા પર આવી ગયા છે. અહીં સત્સંગ સુધાનું પાન કરાવતાં પૂ. મા કહે, "પ્રભુકૃપાથી અહીં સારી રીતે આવી ગયા, દરેક બાબતમાં પ્રભુની કૃપા જોતાં શીખવું જોઈએ. ભાવ અને અભાવ વચ્ચે પણ પ્રભુકૃપાનાં દર્શન કરતાં શીખીશું તો મન સ્વસ્થ અને સ્થિર રહેશે.

પૂ. માની વાણી અનુભૂતિની વાણી છે, મન હાલી ઉઠે, અસ્થિર બની જાય, એવા કપરા સંજોગોમાં પણ પૂ. મા કદી પણ પ્રભુકૃપાને વિસર્યાં નથી. પોતાની જાતને ઘસીને, શરીરને નીચોવીને પણ પૂ. માએ સેવાયજ્ઞમાં ઝુકાવ્યું છે. મબલખ ભૌતિક સંપત્તિ તો છોડી, પરંતુ શરીર એ સેવાયજ્ઞમાં હોમ્યું, છતાં કદીક અપમાનના કડવા ઘૂંટડાને હસતાં હસતાં ગળ્યા છે. અપમાનો અને અવહેલના વચ્ચે પણ પૂ. માએ પ્રભુકૃપાને બરાબર પીછાણી છે. કસોટી પણ કૃપા જ છે એ વિશ્વાસને પૂ. માએ જરાપણ ચલિત થવા દીધો નથી. ઉપવાસોની આકરી તપશ્ચર્યા વચ્ચે પણ સતત ત્રણ ત્રણ દિવસના નિર્જળા ઉપવાસોના જે સંજોગો સર્જાયા, તેમાં પણ પ્રભુકૃપાનાં દર્શન કરવાં એ કંઇ નાની સુની વાત નથી. ખાતાંપીતાં પણ અડધા દિવસનો ઉપવાસ કરવાના સંજોગો અચાનક આવે તો પણ આપણે તો પ્રભુને કોસવા મંડી પડીએ છીએ, જાણે આપણી ઉપર અવકૃપા ઉતરી પડી હોય તેમ બળાપો કરવા મંડીએ છીએ. આ સંજોગો વચ્ચે જ્યારે આપણે પૂ. માના જીવનને મુલવીશું ત્યારે આપણને સમજાશે કે માન અપમાન વચ્ચેના આભ–જમીનના અંતરને પૂ. માએ કેવું સહજ સાધ્ય કર્યું છે. "ભાવ અભાવ વચ્ચે પણ પ્રભુકૃપાનું દર્શન કરવું જોઇએ." એ પૂ. માની વાણીમાં જીવનની અનુભૂતિનો કેવો નીચોડ છે, તે તો જ્યારે આપણે પૂ. માનુ જીવનદર્શન કરીએ ત્યારે સમજાય છે. એટલે પૂ. માનો સત્સંગ એ કોઇ ઉપરછલી કે ઉડાવી દેવા જેવી વાત નથી, પરંતુ જીવનમંથનનું નવનીત છે. આ નવનીત પૂ. મા સૌને પીરસતાં રહે છે, શ્રદ્ધાળુઓ તેને પચાવતા રહે છે.

ભગવાન રામકૃષ્ણદેવની લીલાભૂમિનાં દર્શન કરવા અને ભાવિક ભક્તોને દર્શન કરાવવા પૂ. મા વારંવાર કલકત્તા આવતાં



રહે છે. આજે ૫, ડીસેમ્બર '૯૦ ના રોજ કામારપુકુર અને જયરામવાટીની યાત્રાએ પૂ. મા સાથે સૌ આવ્યા છે. રસ્તામાં ભગવાન તારકેશ્વર મહાદેવનાં પણ દર્શન કર્યાં. તારકેશ્વર મહાદેવની સૌ યાત્રિકોએ સમૂહ પૂજા કરી. અહીં તારકેશ્વર મહાદેવમાં દર્શનાર્થીઓની સદાય ભીડ રહે છે. દર્શન કરવાં પણ મુશ્કેલ પડે છે, છતાં પૂ. મા ભીડ વચ્ચે પણ ભાવપૂર્વક દર્શન કર્યા વગર રહેતાં નથી. આ વખતે તો સૌ યાત્રિકોને પૈસા ભરીને સ્પેશીયલ પૂજા પણ કરાવી. ખુલ્લા શરીરે અહીં પૂજાવિધિ કરવાની છૂટ હોય છે. પૂ. માને ભગવાનનાં દરેક સ્વરૂપોમાં એટલી જ પ્રબળ શ્રદ્ધા! એ સ્વરૂપોને સાક્ષાત્ સમજી, પૂજા અને આરતીની દરેક વિધિ ભાવપૂર્વક કરે અને કરાવે. પૂજા અને આરતીના મંગલ ધ્વનિથી ગુંજતું વાતાવરણ પૂ. માને ખૂબ ગમે, એટલે અહીં ઊભાં રહીને છોકરાઓ જે પૂજાવિધિ કરી રહ્યા છે તે જોઇને ખુશ ખુશ થાય છે. પણ છોકરાઓની દશા કંઇક જૂદી જ છે, તેઓ તો પૂજાવિધિ કરતાં કરતાં પણ લળી લળીને પૂ. માનાં દર્શન કર્યાં કરે છે. પૂ. મા જ જાણે પોતાના મહાદેવ હોય તેમ પૂજાવિધિ અહીં કરે છે, અને મનથી અર્ધ્ય તો પૂ. માના શ્રીચરણોમાં સમર્પિત થતો રહે છે. છોકરાઓમાં સહજ પ્રકટેલો આ એક ભાવ છે. પરમાત્માના બધાં જ સ્વરૂપો તેમને 'મા'મય લાગે છે. અહીં તારકેશ્વર મહાદેવના તીર્થની જ વાત નથી. પરંતુ ભારતનાં પ્રત્યેક પ્રસિદ્ધિ તીર્થોનાં દર્શન કરતાં દરેક મંદિરમાં પૂ. માની જ મંગલમય, માધુર્યમંડિત મૂર્તિ જ પ્રતિષ્ઠિત થયેલી સહજ જ. અનુભવાય! એ શ્રી ચરણોમાં પ્રકટેલી આ સહજ શ્રદ્ધા છે, દિલના ઉંડાણમાંથી ઉઠેલો એ અંતરનો દિવ્ય નાદ છે, બસ, અનાયાસે ગુંજ્યા કરે છે.

સરિતા સાગર વિના વહે ક્યાં! શિખા તજી ક્યાં દીપ?
પરિમલ છોડી પુષ્પ જાય ક્યાં? તોડી ન શકે પ્રીત;
મેઘ બિંદુ વિના ન ટકે, સઘળે એવી રીત,
જીવ જાય ક્યાં ત્યાગી તમને, જપે તમારી માળા
આવ્યા શરણે આજ તમારા...
આ અવનીમાં તમારા વિના, સાચા કોણ અમારા!

પૂ. માના પ્રકટ સ્વરૂપની પ્રાણપ્રતિષ્ઠા ભાવિકોના દિલમાં સ્વયંભૂ છે એટલે અહીં તારકેશ્વર મહાદેવની પૂજા કરતાં કરતાં પણ હૃદયનાં સ્પંદનોનું એક માત્ર ગુંજન છે મા, મા, મા.

તારકેશ્વર મહાદેવથી કામારપૂકુરની યાત્રા શરૂ થઈ. આ પરમ-પુરુષના પ્રાકટ્ય સ્થાનમાં પૂ. મા અનેક વખત પધાર્યાં છે. છતાં એ રમણભૂમિની રજને મસ્તકે ચઢાવવા આવ્યા વિના રહી શકતાં નથી. એ લીલાભૂમિના દરેક સ્થાનોમાં ખુલ્લા પગે ફરે, પરમહંસ-દેવની નિશાળ, નાટ્યભૂમિ, ધનીમાતાનું મંદિર વિગેરે સ્થાનોમાં ફરતાં ફરતાં તેમના જીવનપ્રસંગો યાદ કરે. પ્રાકટ્યસ્થાનમાં શાંતિ-થી બેસી ધ્યાન કરે, તીર્થયાત્રા કેવા ભાવથી થાય તેનું દર્શન પૂ. મા સાથે તીર્થસ્થાનોમાં ફરીએ ત્યારે થાય. કામારપૂકુરથી સાત કિલોમીટરના અંતરે મા શ્રી શારદામણિના પ્રાકટ્ય સ્થાનની યાત્રા પણ થઈ. અત્યારે સાયંઆરતીનો સમય થયો છે. પૂ. મા શારદાના મંદિરમાં આરતી થઈ રહી છે. પવિત્રતા, મધુરતા અને શાંતિનું વરદાન અહીં સહજ છે. મંદિરમાં બેસીએ એટલે આ ત્રિવેણી-સંગમનું સ્નાન સહજ બને છે. પૂ. મા મંદિરના પ્રાંગણમાં તળાવને કાંઠે બીરાજ્યાં છે. સંધ્યા ઉતરી આવી છે. આ પવિત્ર-ભૂમિ પર કેવો યોગાનુયોગ સર્જાયો છે! એક મા મૂર્તિ સ્વરૂપે દિવ્યપ્રેમ અને પવિત્રતાની દીક્ષા આજે પણ સૌને આપી રહ્યાં છે,



જ્યારે બીજાં મા સર્વેશ્વરી પ્રકટ સ્વરૂપે હાજરા હજુર છે. પ્રકટ સ્વરૂપનું સુખ પામવું સહેલું અને સહજ નથી. કોઈ બડભાગી જીવોના નસીબમાં જ એ અલૌકિક સુખ પ્રાપ્ત થાય છે. પૂ. મા તો એ અલૌકિક સુખ સૌને ધરવા પૃથ્વીપર પધાર્યાં છે, પરંતુ મૂર્તિ-ઓને પૂજવા ટેવાયેલું આપણું માનસ મનુષ્ય શરીરમાં અવતરેલી પરમશક્તિને સ્વીકારવા તૈયાર થતું નથી. મનુષ્યશરીર દ્વારા પ્રભુને પામી શકાય એ વાત આપણા ગળે ઉતરે પણ મનુષ્ય શરીરમાં પ્રભુ પ્રકટ થાય તે વાત એટલી સહેલાઈથી ગળે ઉતરતી નથી! મનુષ્ય શરીર ભારે છેતરામણું છે. મનુષ્ય શરીરની નબળાઈઓ આપણા અવતારી શરીરમાં પણ હોય છે તેમ માની લઈએ છીએ. એટલે મનુષ્ય શરીરધારી તો આપણા જેવા જ હોય તેમ માની બેસવાની ભૂલ આપણે કરી બેસીએ છીએ. ષડ્‌રિપુઓપર તેમણે કરેલા વિજય તરફ આપણું ધ્યાન જતું નથી. એટલે પરમપુરુષોને ઓળખવામાં આપણે ભૂલથાપ ખાઈ જઈએ છીએ. સ્વામિ-નારાયણ પ્રભુ સ્વયં એમ કહેતા કે અમે અક્ષરધામમાંથી તમને સૌને પ્રકટબ્રહ્મનું સુખ ધરવા આવ્યા છીએ. રામ અને કૃષ્ણ સ્વરૂપે જે બ્રહ્મ પ્રકટ સ્વરૂપે હતા, તેજ પરમાત્મા આ શરીરમાં પણ પ્રકટ છે. તેમ છતાં કેટલાક કૃપાપાત્ર ભક્તો જ આ પ્રકટ બ્રહ્મસ્વરૂપનું અલૌલિક સાન્નિધ્ય સુખ માણી શક્યા છે, પૂ. માનું પણ આવું જ છે. શરીર મનુષ્યનું દેખાય છે પણ તેમાં અપરીમેય ઈશ્વરીશક્તિનો આવિર્ભાવ છે. ષડ્‌રિપુઓ પરનો વિજય એટલો તો સંપૂર્ણ છે કે એ સત્ સંકલ્પમાંથી સહજ ઉદ્‌ભવેલા નિર્ણયને બ્રહ્માંડમાં પણ કોઈ પડકારી શકે નહીં! એ બ્રહ્મમાનસમાં પ્રકટેલો સંકલ્પ સાકાર બને કે વિજયને વરે તેમાં લેશમાત્ર શંકાને સ્થાન ક્યાં છે? ઇંદ્રિયો સદાય ત્યાં ઉપવાસી છે, વિષયનો ચારો ચરવાને

બદલે પરમાત્માના પરમપ્રેમ રસપાનમાં જ મગ્ન છે.

એ પરમશક્તિ સ્વયં અત્યારે મનુષ્યતન ધારણ કરીને, પોતાની સર્વે સમર્થ શક્તિને સમેટીને અત્યારે અહીં જયરામ-વાટીમાં મા શારદાના મંદિરના પ્રાંગણમાં તળાવને કાંઠે બિરાજી રહ્યાં છે.

જે નિર્ગુણ નિરાકાર તે બની જાય સાકાર,
જે ગુણાતીત ગુણ સ્વામી, તે બને છે ગુણાકાર;
જે પરબ્રહ્મ પરમશક્તિ, એ કરવાથી અનુરક્તિ,
પ્રકટે છે બનતાં વ્યક્તિ એની કરુણાનો ના પાર.
એ સર્વસમર્થ ન એને બદ્ધ કરે કોઈ કેમે,
કોઈ પોકારે પ્રેમે, વાત કરે વિશ્વાધાર.
જો કોઈ એને ચાહે, સ્નાન કરે પ્રેમ પ્રવાહે,
કેમ બને ના જો કોઈ હો કરનારું સાકાર.

પૂર્વે પરમપુરુષોને ઓળખવાની જે ભૂલો આપણે કરી છે તેનું પુનરાવર્તન વારંવાર આજે પણ કરી રહ્યા છીએ. પરમશક્તિ મા સર્વેશ્વરીરૂપે પ્રકટ છે, છતાં એ પ્રકટ સ્વરૂપનો મહિમા આપણે સ્વીકારવા તૈયાર નથી. અહીં જ જુઓને, મંદિરમાં જે સ્થૂળ સ્વરૂપે પરમશક્તિ બીરાજમાન છે તે અહીં પ્રકટ સ્વરૂપે છે. છતાં શારદામાતાના મંદિરમાં જે દર્શનાર્થીઓની ભીડ છે તે અહીં નથી, અહીં તળાવને કાંઠે તો પૂ. મા બે ભક્તો સાથે બેઠાં છે, પૂ. મા પણ જુઓને, કેવી મનુષ્યચરિત લીલા કરી રહ્યાં છે! મા શારદાના મંદિરના પ્રાંગણની પવિત્ર માટીનો પ્રસાદ સૌને વહેંચી રહ્યાં છે, શારદામાતાના ભક્તો માટે પૂ. મા ખાસ યાદ કરી કરીને અહીંની પવિત્ર માટીની પ્રસાદી દેશ પરદેશ સુધી લઈ જાય છે. ભક્તો પણ એ પ્રસાદી મેળવીને ધન્ય ધન્ય બની જાય છે. પૂ. મા પણ આ



રીતે પોતાના સ્વરૂપને છુપાવતાં રહે છે. સ્થૂળ માટીના તરણા ઓથે પોતાના સ્વરૂપનો ડુંગર સંતાડી દે છે અને નવાઈની વાત એ છે કે આપણે એ માટીને મસ્તકે ચડાવવા જતાં ડુંગરસમા આવડા મોટા પ્રકટ સ્વરૂપને વિસરી જઈએ છીએ! બસ, આ પવિત્રભૂમિની યાત્રા કરતાં કરતાં એક વાત ગાંઠે બાંધી લઈએ કે મા શારદા અને રામકૃષ્ણદેવ જેવા પરમપુરુષોનાં પવિત્ર સ્મરણ સાથે મા સર્વેશ્વરીના પ્રકટ સ્વરૂપના મહિમાનું ગાન ગાવાનું ન ભૂલીએ!

કામારપૂકુર અને જયરામવાટીની યાત્રા કરીને બીજે દિવસે તા. ૬, ડીસેમ્બર '૯૦ ના રોજ આપણે પૂ. મા સાથે બેલુરમઠ અને રામકૃષ્ણદેવની રમણભૂમિ દક્ષિણેશ્વરની યાત્રાએ આવ્યા છીએ. પૂ. માએ અહીં, રામકૃષ્ણદેવ, વિવેકાનંદ અને મા શારદાના પવિત્ર સ્મારકોનાં ભાવપૂર્વક દર્શન કર્યાં છે, પુસ્તકાલય સહિત બધાં જ સ્થાનોમાં ફરી થોડીવાર ગંગાકિનારે શાંતિથી બેઠાં છે. યાત્રા ગમે ત્યાંની હોય પરંતુ પૂ. મા પોતાના છોકરાઓને પ્રસાદી ખવડાવવાનું ક્યારેય ભૂલતાં નથી. અહીં પણ એક ફેરીયા પાસેથી ચણા મમરાની ભેળ સૌને પ્રસાદીમાં આપે છે. સૌ બટુકો ખોળામાં પ્રસાદી લઈને ખાઈ રહ્યા છે અને પૂ. માને સૌ વાત્સલ્યભાવે નિહાળી રહ્યા છે, આ દૃશ્ય કંઈ ઓછું સુંદર ન હતું! પૂ. માના આ વાત્સલ્યભાવને માણતાં માણતાં તો ધન્યતાનો કોઈ પાર ન રહે! પૂ. માનો આ પ્રેમસ્પર્શ છે! યાત્રા નિમિત્તે આ અમી નજરની મીઠપથી જે અંતર ઠરે છે તે તો એ માણનાર જાણે!

બેલુરમઠથી દક્ષિણેશ્વરના મંદિરે બરાબર બાર વાગ્યે પહોંચ્યા. મહાકાલીમાતાનું મંદિર બાર વાગ્યે બંધ થયું હતું પરંતુ અમે દર્શનાર્થે પૂ. મા સાથે ત્યાં પહોંચ્યા તો અમારા આશ્ચર્ય વચ્ચે તે ફરીથી ખુલ્યું હતું! જાણે જગદ્ધાત્રી માએ પૂ. માનું સ્વાગત

કર્યું ન હોય! રામકૃષ્ણદેવના નિવાસસ્થાનનો પવિત્ર ઓરડો, નોબતખાનું તેમ જ તેમની તપસ્યાભૂમિ પંચવટીના પૂ. મા સાથે સૌએ દર્શન કર્યા. આ પવિત્ર સ્થાનનાં દર્શન કરીએ એટલે ભારતના આધ્યાત્મિક ઇતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ આપણી સમક્ષ ઉઘડી જાય છે. એનો મહિમા તો એ પવિત્ર સ્થાનની જે ભાવ-પૂર્વક યાત્રા કરે છે તેના અંતરે કોતરાય જાય છે!

મા શારદા અને રામકૃષ્ણ પરમહંસદેવના પ્રાકટ્યસ્થાન તથા તેમની લીલાભૂમિની યાત્રા પૂ. માના સાન્નિધ્યે હરપળની સત્સંગયાત્રા બની ગઇ. પ્રેમ, પવિત્રતા, પ્રભુપરાયણતા તપનિષ્ઠા, અતુટ શ્રદ્ધાભક્તિ, સમર્પણભાવ, અને અડગ નિશ્ચય બળદ્વારા જે પ્રભુદર્શનનો પ્રેમોત્સવ મા શારદા અને રામકૃષ્ણદેવે માણ્યો હતો તે જ પ્રેમભક્તિની ગંગા પૂ. મા પણ આજે આ ભારતભૂમિપર વહાવી રહ્યાં છે. ભારતનો આધ્યાત્મિક સૂર્ય ક્યારેય અસ્ત થવાનો નથી. પરમપુરુષો દ્વારા અનેક લોકોના જીવનમાં એ દિવ્યપ્રકાશ રેલાતો રહે છે. દિવ્યજીવનની અનુભૂતિ એ એક અલૌકિક અનુભૂતિ છે, પરમપ્રેમ અને પુરુષાર્થની એ પરાકાષ્ટા છે. જીવન વિકાસની એ સંપૂર્ણતા છે. આવા પૂર્ણજીવનની પ્રભુતાનું દર્શન આજે પૂ. માના જીવનમાં પ્રકટયું છે. હજારો પ્રયત્ને પણ ન લાધે તેવો સુયોગ આપણા સૌને માટે સહજ બન્યો છે. આ સનાતન સાથ છે. જાહ્નવી ચાલી જાય છે, આપણા પ્રેમ વિહોણાં હૈયાં તેમાં પલાળીને તન્મય થઇ જઇએ.

એકતાનમાં જીવન મારું બની જાય તન્મય રઢિયાળું,
રોમરોમમાં દિવ્ય તમારું, સ્વરૂપ જાગે તેજ નિહાળું!
એક કામના મારી આજે, પ્રેમપ્રદીપ જગાવો,
પરમ પવિત્ર પ્રકાશે એના મારું દૈન્ય જલાવો.



# જપયજ્ઞ

આપણા જપયજ્ઞના ફલસ્વરૂપ—એક હસ્તલિખિત અંક તૈયાર કરી પૂ. માને ચરણે ધરવો છે. તેમાં જપ એટલે શું, તેના પ્રકાર, જપથી થતા લાભ, માનશિક શાંતિ તથા મનની સ્થિરતામાં જપ કેવી રીતે ઉપયોગી થાય છે, લેખિત જપથી થતા લાભો અને અનુભવો. આ અને આવા બીજા જપયજ્ઞને લગતા વિષયોઉપર સાધકો પોતાની મૌલિકરીતે અથવા શાસ્ત્ર કે મહાપુરુષોના વિચારો સંકલિત કરીને શક્ય તેટલી વધુ કૃતિઓ તા. ૫, ઓગસ્ટ સુધીમાં મોકલી આપવા વિનતી.

—કૃતિ ફૂલસ્કેપ કાગળમાં એક જ બાજુ, સુંદર અક્ષરોમાં લખી સપ્રમાણ હાંસિયો રાખી લખાણ ફરતી બોર્ડર કે અન્ય રીતે સુશોભન કરવું.

—તા. ૧–૬–૯૩ સુધીમાં પાંચ કરોડ અને ૧૫ લાખ મંત્રો લખાયાના અહેવાલ મળ્યા છે. હજી જપયજ્ઞ ચાલુ જ છે. ઘણાં કેન્દ્રોના રીપોર્ટ હજી મળવાના બાકી છે. આથી ટુંકાણમાં રીપોર્ટ પણ મોકલવા.

—અમેરિકા, પનામા તથા ઈંગ્લેન્ડમાં જપયજ્ઞ ચાલુ છે. ત્યાંથી પણ ઉત્સાહજનક રીપોર્ટ મળ્યા છે.

—કૃતિ મોકલવાનું સરનામું:—સંજય પંડયા, "ૐ મા સર્વેશ્વરી,", ૪/એ., ગાંધીગ્રામ, રાજકોટ–૩૬૦૦૦૫.

## "મા"

મા
જેને માટે દરેક વિશેષણ નાનું પડે;
પૃથ્વી પરની સૌથી મહત્ત્વની વ્યક્તિ;
એના અસ્તિત્વમાં મારા અસ્તિત્વનો ઉદય;
મારી ધરતી, મારું આકાશ;
મારા શ્વાસોશ્વાસનું આખુંય બ્રહ્માંડ;
મા.
માની ઉંમર?
માને ઉંમર નથી હોતી.
માનું નામ?
માને નામ નથી હોતું.
મા ક્ષર નથી;
અ–ક્ષર છે મા.
બાળકોના દેહમાં વિરાજમાન;
એના ચહેરા અને અંકભંગિમાં લપાયેલ;
મા
સ્નેહના પહેલાં ચરણ;
સુગંધની પ્રથમ વ્યાખ્યા;
સ્પર્શનું અબોધ જ્ઞાન;
આંસુ અને અંધકાર સામેનું રક્ષણ;
રાતની હૂંફ અને દિવસનો પ્રકાશ;
વેદના સામેનો એક નક્કર ખડક;
શબ્દોની પેલે પાર;
મા.

—દક્ષેશ (કોન્ટ્રેક્ટર)



# પ્રાર્થના સંભળાય છે

રૂક્ષ્મણિબેન પી. પ્રજાપતિ, કેનેડા

અમારી પહેલી મુલાકાત પૂજ્ય મા સાથે ૧૯૮૮ માં અમેરિકાના પવિત્ર વૃન્દાવન ધામમાં થઈ. આ મુલાકાત ખૂબ જ ધન્ય ઘડીએ થઇ, ત્યારથી પૂજ્ય મા અમારા ઘરનાં ખૂબ જ પ્રિય પાત્ર બન્યાં છે. માના સાન્નિધ્યમાં આવ્યા પછી અમારી ઘણી અજ્ઞાનતાઓ દૂર થઇ છે. માએ ઘણી જ જવાબદારીઓ લઇ લીધી હોય એવું લાગે છે. બાળકો પણ માને સાથે રાખીને જ દરેક કાર્યો કરે છે. જ્યારે પણ કંઇ મુશ્કેલી આવી પડે ત્યારે મા આપણી પાસે જ છે અને બધું જોઇ રહ્યાં છે એવું જ લાગે છે. દરેક મુશીબતોનો ઉકેલ કેમ લાવી દે તે ખબર ના પડે.

અમારી દીકરી ઇલાના લગ્ન ૧૯૯૧ માં થયાં, ત્યારથી એ અમારાથી ઘણી જ દૂર કેલીફોર્નીયામાં રહે છે. ઇલા નાની હતી ત્યારથી એના ભાઇ રોહિતને દર વર્ષે રાખડી બાંધતી હતી. ૧૯૯૨ ના વર્ષે એ સાસરે હોવાથી એનાથી રાખડી બાંધવા માટે આવી શકાય તેમ ન હતું. ઇલાએ ૧૨ મી ઓગસ્ટે ફોન કર્યો, ફોન પર ખૂબ જ નિરાશ થઇને રડી પડી. હું પણ નિરાશ થઇ ગઇ. મારા મોઢામાંથી નીકળી ગયું કે ઇલા તને તો મા ઉપર ખૂબ જ શ્રદ્ધા છે તો રક્ષાબંધનના દિવસે સવારે તું પ્રાર્થના કરવા માટે બેસે ત્યારે એક રાખડી પૂ. માના સ્વરૂપ પાસે મૂકજે. માને પ્રાર્થના કરજે કે મા આ વર્ષે મારાથી મારા ભાઇને રાખડી બંધાય તેમ નથી, તો તમે જ મારા વતી મારા ભાઇને રાખડી બાંધી દેજો.

જ્યારે ઈલાને મેં આ કહ્યું ત્યારે તો મારાથી આમ કેમ કહેવાયું તેની મને ખબર ન હતી.

૧૯૯૨ ના ઓગસ્ટ મહિનામાં પૂજ્ય શ્રી ગુરુદેવ યોગેશ્વરજીનો જન્મદિન અમે ખૂબ જ ધામધૂમથી ઉજવવાના હતાં. આ પ્રસંગ માટેની રસોઇ અમારે ઘરે બનાવવાનાં હતાં. પૂ. માએ ૧૪ મી ઓગસ્ટે એક કલાક માટે શ્રી સુરેશભાઇ શાહને ત્યાં પ્રાર્થના રાખી હતી. ૧૩ મી ઓગસ્ટે રાત્રે ૧૧–૦૦ વાગ્યે પૂ. માનો ફોન આવ્યો કે "તમો બધાં રસોઇ બનાવવામાં ખૂબ જ રોકાયેલાં છો એટલે અમે પોતે જ બધા સાધક ભાઇબહેનો સાથે તમારે ઘેર આવીશું." અને પ્રાર્થના પણ ત્યાં જ કરીશું. આગલે દિવસે ૧૩ મી ઓગસ્ટે રક્ષાબંધનનો દિવસ હતો. એટલે પ્રાર્થના પૂરી થઇ પછી બધા પોતપોતાની રાખડી લઇને મા પાસે ગયા. માએ બધાને રાખડી બાંધી આપી. માએ મારી પાસે પણ એક રાખડી માંગી, અને મારા પુત્ર રોહિતના હાથે બાંધી દીધી!

માએ જાણે ફોન પર થએલી અમારી બધી જ વાત સાંભળી હોય એવું લાગ્યું. તરત તો ખ્યાલ ના આવ્યો, પણ પાછળથી ખબર પડી કે જે રીતે ફોન પર વાત થઇ હતી તે જ પ્રમાણે થયું.

ખરા દિલથી કરેલી પ્રાર્થના પૂ. મા જરૂર સાંભળે છે.

ગંગા પાપં શશી તાપં દૈન્યં કલ્પતરુસ્તથા
પાપં તાપં ચ દૈન્યં ચ સજ્જન સંગમાઃ।

ગંગાજી પાપને હરી લે છે, ચંદ્રમા તાપને શમાવે છે અને કલ્પતરૂ દૈન્યને દૂર કરે છે; પરંતુ સજ્જન માણસોના સમાગમથી પાપ, તાપ અને દૈન્ય દૂર થાય છે.



# ગુરુરેવ પરબ્રહ્મ; તસ્મૈ શ્રીગુરવે નમઃ

કમલ સુથાર

ગુરુવંદનાનું પાવન–પર્વ એટલે ગુરુ–પૂર્ણિમા. એને વ્યાસ-પૂર્ણિમા પણ કહે છે. દર વર્ષે અષાઢી પૂર્ણિમાએ શ્રેયના સાધકો, શ્રદ્ધાળુ શિષ્યો, સજ્જનો ભક્તિ–ભાવ–પૂર્વક પોતપોતાના સદ્‌ગુરુને ભાવાંજલિ અર્પી આ પાવન પર્વ હર્ષોલ્લાસથી ઉજવે છે અને એ રીતે સદ્‌ગુરુ પ્રત્યેનું પોતાનું ઋણ અદા કરે છે :

ગુ=અંધકાર. અને રુ=પ્રકાશ. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી, જ્ઞાનરૂપી પ્રકાશને પંથે દોરનાર એટલે ગુરુ. સદ્‌ગુરુ.

પ્રાચીનકાળથી જ આપણી ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂજાનું. સદ્‌ગુરુવંદનાનું મહત્ત્વ ચાલ્યું આવે છે. વેદપરંપરાથી આનાં અનેક દૃષ્ટાંતો આપણને જોવા મળે છે. ગુરુ પરંપરામાં થતાં ગુરુનો આદર–માન–મહત્ત્વ–પૂજા એ આપણી ભારતીય સંસ્કૃતિની–ગૌરવવંતી પ્રણાલિકા છે. શાસ્ત્રોમાં ગુરુનું ભગવાન કરતાંય વિશેષ મહત્ત્વ આંકવામાં આવ્યું છે. તેમને સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ જ માનવામાં આવ્યા છે. એટલે જ તો 'ગુરુગીતા'-માં સદ્‌ગુરુનું મહત્ત્વ બતાવતાં કહેવામાં આવ્યું છે :

ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુદેવો મહેશ્વરઃ।
ગુરુરેવ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ॥

**અર્થાત્‌:**–ગુરુ બ્રહ્મા છે. ગુરુ વિષ્ણુ છે. ગુરુ મહેશ્વર છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છે. એવા સદ્‌ગુરુદેવને વારંવાર નમસ્કાર હો.

જે દેખતા હોય એજ બીજાને માર્ગ બતાવી શકે છે. આંધળાં બીજાંને શી રીતે દોરે? દૃષ્ટિદોષના કારણે અંધકારમાં ભટકતાં ઘુવડો સૂર્ય અને સૂર્યપ્રકાશ વિષે શી રીતે વાત કરી શકે? ગુરુ–સદ્‌ગુરુ એ પરમાત્માના સાક્ષાત્કારી, પરમ પ્રકાશના–પરમ અનુભવી હોય છે. એ પરમજાગૃત ચૈતન્ય પુરુષ હોય છે. એ પરમજાગૃત દિવ્યજ્યોત્ સ્વરૂપ હોય છે. એટલે એ અજ્ઞાનરૂપી અંધકારમાં–માયિક–અંધકારમાં અટવાતા મુમુક્ષુઓને ઊર્ધ્વ–ગતિનો, મોક્ષનો; પરમપ્રકાશનો, પરમાત્મ સાક્ષાત્કારનો માર્ગ ચીંધે છે. જ્ઞાનપ્રદાન કરે છે. આવા દિવ્યદૃષ્ટિવાન, પરમજ્ઞાની, પરમજાગૃત, માનવીય સંવેદનાઓ અને કરુણાસભર, મહાપુરુષ જ સદ્‌ગુરુ છે. એ જ સાચા નિઃસ્વાર્થી માર્ગદર્શક છે. એ જ જીવાત્માને જ્ઞાન–પ્રકાશ–દ્વારા માયિક અંધકારમાંથી દૂર ખેંચી આત્મસાક્ષાત્કારના પરમ અધિકારી બનાવી શકે છે.

ગુરુકૃપાથી જ સર્વ કંઈ સંભવ છે. એટલે જ તો આવા જ્ઞાની, સમર્થ, સદ્‌ગુરુનો મહિમા ગાતાં શિષ્યો કદીય થાકતા જ નથી. આ જ ગુરુ–મહિમા–ગાન–પરંપરાનું ગૌરવ જાળવતાં પરમ આત્માનુભવી સમર્થ સંત શ્રી કબીરજી પણ કહે છે :

ગુરુ ગોવિન્દ દોનોં ખડે કાકે લાગૂં પાય।
બલિહારી ગુરુ આપની જિન ગોવિન્દ દિયો બતાય॥

**અર્થાત્‌:**–ગુરુ અને ભગવાન બંને સાથે ઊભા છે. આ બંનેને જોઈને પરમસંત કબીરજી વિચાર કરે છે કે આ બંનેમાંથી સૌથી પહેલાં કોને વંદન કરું? વિવેકબુદ્ધિથી પરમસંત કબીરજી પ્રથમ સદ્‌ગુરુને વંદન કરે છે, કેમકે એ જાણે છે કે સદ્‌ગુરુની કૃપાથી જ એમણે ગોવિન્દ–અર્થાત્ ભગવાનનાં દર્શન કર્યાં છે.

ભગવાન શ્રી કૃષ્ણ પણ પોતાના વિદ્યાગુરુ સાંદિપનિનાં



ગુણગાન ગાતા. સંત જ્ઞાનેશ્વરે પણ હરક્ષણે ગુરુગાન ગાયાં છે. વૈભવશાળી, સત્તાધીશ, જ્ઞાની રાજા જનકે પણ ગુરુ યાજ્ઞવલ્કયની વંદના કરી છે : જે જે ભવસાગર તરી પરમ મુક્ત બન્યા છે, પરમપદના અધિકારી બન્યા છે, એ સર્વે મહાપુરુષોએ ગુરુગાન ગાવામાં–ગુરુમહિમા ગાવામાં પોતાનું ગૌરવ અનુભવ્યું છે. ગુરુમહિમા ગાતાં તેઓ એકદીય નાનમ અનુભવી નથી. પરમ સમર્થ સંત સ્વામિ વિવેકાનંદ. પ્રબુદ્ધ મહાપુરુષ. એ પણ હરક્ષણે પરમ આત્મજ્ઞાની સદ્‌ગુરુ–શ્રી રામકૃષ્ણ પરમહંસનાં જ ગુણ-ગાન ગાતા. એમને જે પરમશક્તિ મળી, જે આત્મસાક્ષાત્કાર થયો, જે પરમપ્રકાશ લાધ્યો એનું બધુંય શ્રેય પરમપુરુષ શ્રી રામ-કૃષ્ણદેવને જ આપતા.

**ગુરુકૃપા હિ કેવલમ્‌ ।।**

ગુરુની વંદના કરવી. ગુરુનો મહિમા ગાવો. એ તો એક ઉમદા માનવીય સંસ્કાર છે. સદ્‌ગુરુને વંદન કરતાં મનુષ્ય નાનો નથી બનતો. બલ્કે મોટો બને છે. સુસંસ્કારી બને છે. નિરહંકારી બને છે.

પશુઓ કે અજ્ઞાની માનવો ગુરુને કે કોઈને વંદન કરતાં નથી. તેઓ વ્યર્થ આંધળી દોડમ–દોડ કરી ભટકી–ભટકી–મૃત્યુના મુખમાં હોમાઈ જાય છે.

ગુરુ તો જાગતી જ્યોત છે. એના દિવ્યસ્પર્શથી બુઝાયેલા દીવડા ઝગમગે છે. સદ્‌ગુરુ તો એવા દિવ્ય પારસમણિ છે, જેના સ્પર્શમાત્રથી લોઢું જેમ સુવર્ણમાં રૂપાંતરિત થઈ જાય છે તેમ મનુષ્ય પણ શુદ્ધ કંચન જેવો પવિત્ર અને દિવ્ય બને છે. સદ્‌ગુરુ હરપળ–હરક્ષણ–શિષ્યનું રક્ષણ કરે છે. જ્ઞાનામૃતનું પાન કરાવે છે. ભવ–જાળમાંથી છોડાવી મુક્તિના પરમ અધિકારી બનાવે છે.

સદ્‌ગુર તો પરમતત્ત્વનું મૂર્તસ્વરૂપ છે. બ્રહ્માનંદરૂપ છે. પરમ સુખદાયક છે. જ્ઞાનમૂર્તિ છે.

ગુરુ–પૂર્ણિમાના પાવનપર્વે સદ્‌ગુરુને ભાવાંજલિ અર્પી ગુરુઋણ અદા કરવું એ સદ્‌શિષ્યોનો ધર્મ છે : "ગુરુગીતા" આવા પરમ સદ્‌ગુરુ વિષે કહે છે :

બ્રહ્માનંદમ્ પરમ સુખદમ્ કેવલમ્ જ્ઞાનમૂર્તિ।
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્॥
એકમ્ નિત્યં વિમલં અચલં સર્વાધિસાક્ષી ભૂતમ્।
ભાવાતીતં ત્રિગુણ રહિતં સદ્‌ગુરુ ત્વં નમામિ॥

ગુરુપૂર્ણિમાના પાવન–પર્વ પ્રસંગે સર્વના સાક્ષીભૂત એવા પરબ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુને લાખ–લાખ વંદન.

ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ ગુરુ દેવો મહેશ્વર।
ગુરુરેવ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ॥

### સદ્‌ભાવભરી સહાય

પ્રભુની તેમ જ પ. પૂ. ગુરુદેવ અને પ. પૂ. માની કૃપાથી અધ્યાત્મને સદ્‌ભાવભરી સહાયનો પ્રવાહ ચાલતો જ રહે છે. મે–૯૩ અને ૨૦ જૂન–૯૩ સુધીમાં અનુક્રમે રૂા. ૧૦૬૬–૯૫ તેમ જ રૂા. ૧૦૧૦ ની સહાય આવી છે. હવે નામોની જાહેરાત માસિકમાં ના થતી હોવા છતાં, ભાવિકો પોતાની ભેટો મોકલતા જ રહે છે, એ પ્રભુની અસીમ કૃપા નહિ તો બીજું શું છે?

તેઓ સહુને અભિનંદન અને પ્રભુ તેઓ સહુનું સર્વ-પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. — તંત્રી, અધ્યાત્મ



પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્ર–ટોરોન્ટો

## ગુરુપૂર્ણિમાનો સંદેશ

પૂર્ણિમાના ચંદ્રની અજવાળી રાત્રિ કરતાં પણ અમારા આધ્યાત્મિક જગતના જીવનમાં વધુ પ્રકાશ પાથર્યો છે અને જીવનમાં શીતળતા ધરી છે તથા સૂર્યના પ્રદીપ્ત પ્રકાશની જેમ અમારા જીવનની ત્રુટીઓને પ્રખરતાથી નષ્ટ પ્રાયઃ કરી છે તેવા પરમ પૂજ્ય તપોનિષ્ઠ, સંતશિરોમણિ પૂ. યોગેશ્વરજી જેવા સદ્‌ગુરુ સાંપડવા આપણે સૌ સદ્‌ભાગી બન્યા છીએ.

સદ્‌ભાગ્યનો સૂર્યોદય થાય છે, ત્યારે આપણને અધઃપતનની ગર્તામાંથી ઉપર ઊઠીને આત્મવિશ્વાસના માર્ગે આગળ વધાનું મન થાય છે, ત્યારે આપણને એક મહાપુરુષનો મેળાપ થાય છે કે જેમણે જીવનવિકાસનાં સઘળાં શિખરો સર કર્યાં હોય છે અને અનુભૂતિની પ્રાપ્તિ કરી હોય છે. એવા મહાપુરુષને ગુરુનું સાંકેતિક નામ આપવામાં આવે છે.

પૂ. શ્રીએ પૂર્વજન્મના સંસ્કારો જાગતાં ભૌતિક બંધનોને તિલાંજલિ આપી સાધના પથ સ્વીકારીને દેવપ્રયાગમાં હિમાલયના સાન્નિધ્યમાં વર્ષો સુધી તપસ્યા કરી આત્મસાક્ષાત્કાર કર્યો અને મા જગદંબાની કૃપાને પામ્યા.

આજના વિજ્ઞાનયુગમાં જીવન જ્યારે વધુને વધુ જટિલ, અશાંત અને કૃત્રિમ થઈ રહ્યું છે, ત્યારે પંથ ભૂલેલા માનવીઓને પોતાના "જીવનધ્યેય"નો સાચો રાહ પૂ. શ્રી યોગેશ્વરજી જેવા મહાન સંતોએ જ બતાવ્યો છે.

શ્રદ્ધાનું શ્રીફળ અને પ્રેમનું નાણું જ ફક્ત પોતાના ભક્તો પાસેથી ગુરુદક્ષિણામાં સ્વીકારનાર સરોડાનંદન, સાબરમતીના સંત, દેવપ્રયાગના દેવપુરુષ અને હિમાલયના તપસ્વીને આજે અમારી પ્રેમાંજલી અર્પણ કરીએ છીએ. પ્રભુ પાસે માંગીએ કે, બુદ્ધ, શંકર અને રામકૃષ્ણ તેમ જ યોગેશ્વરજી જ્યાં પણ અવતારી પુરુષ તરીકે અવતરે ત્યાં અમને એમનાં ચરણોમાં બેસવા જેવી અને જેટલી યોગ્યતા આપે.

સાંસારિક જગતમાં (નદી) સરિતાઓ સાગરમાં ભળે છે જ્યારે આધ્યાત્મિક જગતમાં અમે સાગરને (પૂ. યોગેશ્વરજીને) સરિતામાં (પૂ. મા સર્વેશ્વરીમાં) ભળતા જોયા છે. આધ્યાત્મિકતાના શિખરે વિરાજતાં પૂ. માને આજે કોટિપ્રણામ. પૂ. મા દ્વારા આપણને સહુને પૂ. શ્રીનો મહિમા અને પૂ. શ્રીની યશગાથા વર્ષોસુધી જાણવા મળે તે જ પ્રભુને પ્રાર્થના.

પૂ. યોગેશ્વર ધ્યાનકેન્દ્રના અનેક ધ્યાનકેન્દ્રો પૈકીનું ટોરોન્ટોનું ધ્યાનકેન્દ્ર પણ આજે ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વની ઉજવણી ટોરોન્ટોમાં કરી રહ્યું છે. એ અમારા સદ્‌ભાગ્યની વાત છે. અમે સૌ પણ આજે આ પનોતાપર્વના સહભાગી બની કૃતકૃત્ય થઈશું, ધન્ય થઈશું.

યોગેશ્વર પ્રભુ શતપ્રણામ હો, મા સર્વેશ્વરી શત વંદન હો !



# કૂવો–આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનનું પ્રતીક

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

ભારતમાં ભાગ્યે જ એવું કોઈ ગામ હશે કે જ્યાં કૂવો ન હોય. આ ઉપરાંત વટેમાર્ગુઓની વાટમાં પણ પરોપકાર અર્થે કૂવાની રચના કરાવવામાં આવતી. આથી તત્ત્વજ્ઞાનને સરળ બનાવવા માટે ઉપમા તથા દૃષ્ટાન્ત તરીકે ચિંતકોએ વ્યાપક પ્રમાણમાં કૂવાનો ઉપયોગ કર્યો છે.

ગામડાઓમાં તળાવની વચ્ચે પણ કૂવાની રચના જોવામાં આવે છે. જ્યાં સુધી તળાવમાં પાણી હોય ત્યાં સુધી આ કૂવાનો ઉપયોગ થતો નથી. આથી શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે આસપાસ પાણી હોય ત્યારે તે કૂવાનો કોઈ ઉપયોગ કરતું નથી. એમ બ્રહ્મને તત્ત્વજ્ઞાન દ્વારા જાણનાર માટે વેદોનો કશો ઉપયોગ નથી, કારણ આ બ્રહ્મવિજ્ઞાન જળાશય સમાન છે અને વેદો એમાં કૂવા સમાન છે.

એક વિશાળ કૂવા ઉપર દસબાર રેંટ સાથે ફરતા હોય તો પાણી ઓછું મળે છે. એમ મનુષ્ય પોતાની તમામ શક્તિ માત્ર તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાને બદલે દશ ઇન્દ્રિયોના વિષયો તરફ વાળે છે ત્યારે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની તેની શક્તિ ક્ષીણ થાય છે.

કૂવો ખોદાવવામાં આવતો હોય અને નીચે સલાટ પથ્થર પર છીણી પર હથોડાથી ઘા કરે ત્યારે તણખા ઝરે ત્યારે સમજાય છે કે અહીં પાણી નીકળવાની શક્યતા ઓછી છે. આમ ક્રોધી મનુષ્ય ક્રોધના તણખા વેરતો હોય ત્યારે તત્ત્વજ્ઞાનરૂપી જળ મળવાનું અશક્ય જ છે.

કૂવો ગળાવવામાં આવતો હોય ત્યારે તેમાંથી નીકળતા પાણીના પ્રવાહને ગોદડા, ગાભાં તથા ડુચાથી બંધ કરવામાં આવે છે જેથી કાદવ બહાર કાઢી શકાય. એટલે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા મનરૂપી કૂવો સ્વચ્છ કરવા માટે એમાં આવતા વિચારોના પ્રવાહને ધ્યાનયોગ દ્વારા બંધ કરવાનો અભ્યાસ કરવો જોઇએ.

કૂવાની અંદર પાણીનો પ્રવાહ ચાલતો હોય ત્યારે કૂવાના પાણીની સપાટી અમુક ઉંચાઇએ પહોંચે ત્યારે પાણીના પ્રવાહમાંથી વધુ ને વધુ પાણી ઉમેરાતું નથી. માત્ર જેટલું પાણી કાઢીએ તેટલું જ પાણી ઉમેરાય છે. આમ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરનારે પણ સાંસારિક સંપત્તિ પણ જરૂર પૂરતી જ રાખવી જોઇએ.

કૂવાની પાળ પરના પથ્થર ઉપર દોરડું ઘસાયા કરે ત્યારે લાંબા સમયે ત્યાં કાપો પડે છે. ગમે તેવો અજ્ઞાની કે દુરાચારી સતત ભક્તિ કરે તો તે આવી રીતે ભક્ત બન્યા સિવાય રહેતો નથી.

કૂવા ઉપર રેંટ હોય ત્યારે અમુક જલપાત્રો ઉપર જાય છે— ભરેલા ઉપર જાય અને ખાલી પાત્ર નીચે જાય છે, એમ સુખદુઃખ જીવનનો અનિવાર્ય ક્રમ છે. જેઓ સદ્‌ગુણોથી ભરેલા હોય તે ઉચ્ચસ્થિતિ પામે અને ગુણો વગરના થાય તે નીચે મોઢે અવગતિ પામે છે.

સંસ્કૃતમાં પાત્ર એટલે વાસણ અથવા યોગ્ય વ્યક્તિ અને ગુણ એટલે દોરડું અથવા ગુણ. જેમને જીવનરૂપી કૂવામાંથી તત્ત્વજ્ઞાનરૂપી જળ જોઇતું હોય એમણે પાત્ર (યોગ્ય અથવા ઘડો) બનવું જોઇએ અને ગુણ (ગુણ કે દોરડું) ધારણ કરવાં જોઇએ : પાત્રતા તથા ગુણવત્તા હોય તો જ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય.

કૂવાનું જળ પ્રાપ્ત કરવા કૂવાપાસે નીચા નમવું પડે છે.



તત્ત્વજ્ઞાનરૂપી જળ પ્રાપ્ત કરવા નીચા નમવું જ પડે. વિનમ્ર બનવું જ પડે.

કૂવા માટેનો સંસ્કૃત શબ્દ કૂપ—દેડકાં ઉપરથી બન્યો છે. કૂવાના જળને દેડકાં તથા કાચબા સ્વચ્છ રાખે છે. તેમ તત્ત્વજ્ઞાન પણ વિવેક અને વૈરાગ્યથી શુદ્ધ રહે છે. અમુક જ ગ્રંથ, અમુક જ ગુરુ કે અમુક જ સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન સાચું એમ માનનારાઓ કૂવાનાં દેડકાં જેવાં છે કારણ કે આ દેડકાં દુનિયાને કૂવા જેવડી સાંકડી માને છે. બાપનો કૂવો છે માટે તેમાં ડૂબી ન મરાય.

તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે ગુણગ્રાહી થવું જ પડે. તરસ્યો પ્રવાસી મારવાડમાં ખાલી કૂવા પાસે આવે અને કૂવાને ખાલી જુએ તો તે તરત બોલી ઉઠશે : 'વાહ! કૂવા વાહ! તું કેટલો પરોપકારી છે! તેં તો તારું બધું ય જળ તરસ્યા પ્રવાસીઓને પીવડાવી દીધું!

એકાંતમય, અંધકારમય અને જળ વિનાના કૂવામાં ચત્તા પડીને દિવસે સૂવાથી દિવસે પણ આકાશમાં તારાઓનું દર્શન થાય છે. તત્ત્વજ્ઞાન માટે એકાંત અંધકાર તથા અનાસક્તિ આમ આત્મદર્શન ઈશ્વરદર્શન માટે ઉપયોગી છે.

કૂવામાં અમુક સંતે પોતાનું પાત્ર ધર્યું ત્યારે કૂવાનું જળ ઉપર આવ્યું અને સંતનું પાત્ર ભરાઇ ગયું એવી સંતોની ઘણી કથાઓ છે. મનુષ્યમાં જ્યારે સાચા સંતના ગુણો પ્રગટે ત્યારે એમને પછી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે ભારે પ્રયત્નો કરવા પડતા નથી.

કૂવો ખોદાવતાં જળ નીકળશે કે નહીં તેનો આધાર આવી જગામાં ઉગતા વૃક્ષો ઉપર છે કારણ કે જમીનમાંનું જળ જ

આવા વૃક્ષોનો આધાર છે. એમ જ્યાં સાધુઓ, સન્તો વગેરે હોય ત્યાંથી જ તત્ત્વજ્ઞાનરૂપી જળ પ્રાપ્ત થાય છે.

કૂવાનું જળ ઉનાળામાં શીતળ અને શિયાળામાં હૂંફવાળું હોય છે. એમ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છનાર સાધક ક્રોધની પરિસ્થિતિમાં શાંત અને લાગણીહીન પરિસ્થિતિમાં હૃદયની હૂંફ દર્શાવે છે.

પાણી લેવા કૂવામાં ઉતરાય નહીં પણ ઘડો, દોરડું, ગળાણું ને ઇંઢોણી જોઇએ એમ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે સાધનચતુષ્ટયની જરૂર પડે છે.

કૂવાને કોઇ ભેદભાવ હોતા નથી એણ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં પણ ઉચ્ચનીચ, ગરીબશ્રીમંત, સ્ત્રીપુરુષ એવા કોઇ ભેદ હોતા નથી.

કૂવામાં હોય તો હવાડામાં આવે એવી કહેવત સાચી છે. ગુરુ યોગેશ્વરજીની માફક સાચા જ્ઞાની હોય તો જ સાચું જ્ઞાન આપી શકે.


અંબાજીમાં ક્યાં ઉતરશો?

" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦




# Transformation of Life

યોગેશ લાડ

[સત્સંગ એ કોઇ શુષ્ક ક્રિયા નથી, પરંતુ જીવનનું પરિવર્તન કરનાર એક જીવંત પ્રતિક્રિયા છે તેનો અનુભવ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના પરિચયમાં આવેલ બાળકોના જીવનના પરિવર્તનની વાતો સાંભળીએ ત્યારે થાય છે. આવી જ એક વાત કેનેડાના ટોરન્ટો શહેરમાં વસતા ૧૬–૧૭ વર્ષના યુવક યોગેશ લાડની છે. એ તેના શબ્દોમાં જ જોઇએ.]

As I look at the picture and stare into the eyes of param pujya Maa. I think of many things she has change in my life. I don't know where I would be if it wasn't for my precious Maa. I recall many aspects in my life in which pujya Maa has changed. Maa has taught me devotion in many ways. Through experiences. I have learned that belief in god is the most essential part of life. Maa has also taught shraddha (Faith). I had no faith in anyone, or even in myself. any task I tried to Accomplish. I failed. koob koob dhanyavad to Maa. I now go into situations with a positive attitude and her residing with me in my heart. With this I believe I can do anything. I have also learned and gained the true meaning of self-confi-

dence. in the drama "Prakash ne panthe" I portrayed A very strict and a mean character. Dhanya vad again to Maa that I played A very good role as gruh-pati. I remenmber Maa telling Me. "you'LL do great and you will be fine". And every time I met her, we would always Discuss my part. pujya Maa has also made my dream of going to india come true. At that point I realized how fortunate and lucky I was living in the western part of world healthy and wealthy. We also attended the ambaji shibir in which I really got close to Maa. The devotees of Maa in India and the surroundings made me realize Maa is the key that will unlock the great doors of the golden gates of bhakti.

### [અનુવાદ] જીવન પરિવર્તન

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપમાં, તેઓની આંખોમાં હું તાકીને જોઉં છું તો મારા જીવનમાં કેટલી બધી બાબતોનું પરિવર્તન આવ્યું છે, તેના મને વિચાર આવે છે; મારાં વ્હાલાં મા મારા જીવનમાં ના આવ્યાં હોત તો મારું શું થયું હોત તે હું કલ્પી શકતો નથી. મારા જીવનના જે વિવિધ પાસાંઓમાં પરિવર્તન આવ્યું છે, તેને હું યાદ કરું છું.

ભક્તિ શું કહેવાય તે વિવિધ રીતે પૂ. માએ મને સમજાવ્યું. અનુભવથી મેં એ પણ જાણ્યું કે ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવવી એ જીવનમાં ખૂબ જરૂરી છે. શ્રદ્ધા શું તે પણ પૂ. માએ સમજાવ્યું. પહેલાં મને કોઈમાં અરે, ખૂદ મારામાં પણ શ્રદ્ધા ન



હતી. હું કોઈ કામ હાથમાં લેતો, તેમાં નિષ્ફળ જતો. પરંતુ પૂ. માને ખૂબ ખૂબ ધન્યવાદ.

પરંતુ હવે હું વિધેયાત્મક દૃષ્ટિથી કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરું છું અને પૂ. મા મારી સાથે મારા હૃદયમાં જ રહેલાં છે, એ વિચાર માત્રથી હું કોઈ પણ કામ કરવાની ક્ષમતા ધરાવું છું. વળી મને હવે એ પણ સમજાયુ છે કે આત્મવિશ્વાસનો સાચો અર્થ ધર્મની દૃષ્ટિએ શું થાય. "પ્રકાશના પંથે" કથામાં કઠોર અને હલકી પ્રકૃતિના ગૃહપતિના પહાત્રનું નિરૂપણ છે. ફરી માને ધન્ય-વાદ–કે હું પ્રકાશના પંથે નાટકમાં ગૃહપતિનું પાત્ર સરસ રીતે ભજવી શક્યો. પૂ. મા મને કહેતાં કે "તું સરસ અભિનય કરી શકીશ અને સફળ થઈશ, એ મને યાદ આવે છે. અને અમે જ્યારે જ્યારે મળતાં ત્યારે ત્યારે મારા પાત્ર વિષેની ચર્ચા કરતાં. પૂ. માએ ભારત જવાનું મારું સ્વપ્ન પણ સાકાર કરી આપ્યું. ત્યારે મને સમજાયુ કે પશ્ચિમની દુનિયામાં વસનારો હું કેવો તંદુરસ્ત અને સુખી છું. અમે અંબાજીની શિબિરમાં પણ ભાગ લીધો. ત્યાં પૂ. માની વધુ નિકટ આવવાની તક મળી. ભારતમાં વસતા પૂ. માના ભક્તો તેમ જ આસપાસના માણસો પાસેથી મને સમજાયું કે પૂ. માની સહાયથી ભક્તિનાં સોનેરી દ્વાર ખુલી શકે તેમ છે.

# પ્રેરક પ્રસંગો

રજૂઆત : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

## મનને શાંત રાખો

એકનાથજી મહારાજ એકવાર વિઠ્ઠલનાથના દર્શને ગયા. એકનાથજીનાં પત્ની એકનાથજીને ઘણાં જ સાનુકૂળ હતાં. આ માટે તેઓ પ્રભુનો પાડ માનતા કહેતા કે : 'હે પ્રભુ તમે મને સર્વ રીતે અનુકૂળ ધર્મપત્ની આપી તેથી હું તમારું ભજન કરી શકું છું.'

એટલામાં સંત તુકારામ મહારાજ ભગવાનનાં દર્શને આવ્યા. તુકારામનાં પત્નીનો સ્વભાવ ખૂબ જ કર્કશ હતો. છતાં આ સંતે ભગવાનનો ઉપકાર માન્યો. કહ્યું : 'આવી કર્કશા પત્ની આપી તેથી તો હું વિઠ્ઠલ વિઠ્ઠલ કરું છું. જો મને અનુકૂળ પત્ની મળી હોત તો હે પ્રભુ! હું ક્યાં તમારું ભજન કરવાનો હતો? તમે પ્રતિકૂળ પત્ની આપી છે તેથી જ તમારું ભજન કરું છું. સારી પત્ની મળી હોત તો હું તમને ભૂલી જાત.'

પછી નરસિંહ મહેતા આવ્યા. તેમનાં પત્ની અવસાન પામ્યાં હતાં. નરસિંહે તો ભગવાનને કહ્યું : 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશુ શ્રીગોપાલ.'

એકનાથજીને અનુકૂળ પત્ની મળ્યાં. તુકારામને કર્કશા પત્ની મળ્યાં તો નરસિંહ મહેતાની પત્નીનું મરણ થયેલું. આમ છતાં ત્રણેએ ઈશ્વરની કૃપાનો અનુભવ કરીને મનમાં શાંતિ રાખી.

માનવી આવી રીતે મનને શાંત કરે તો અંતે સુખી થાય છે. ફરિયાદો કરવાથી સ્થિર રહી શકાતું નથી.



## ભગવાન બુદ્ધનો ઉપદેશ

ભગવાન બુદ્ધ ફરતાં ફરતાં એક શેઠને ઘેર ગયા. ભિક્ષા માટે પોતનું ભિક્ષાપાત્ર તેમની સામે મૂક્યું. ભગવાન બુદ્ધિના આશીર્વાદથી મુક્તિ મળશે એવી આશાએ શેઠ ભગવાન બુદ્ધ માટે ખીર લઈ આવ્યા. ભિક્ષાપાત્રમાં તે રેડવા જતાં શેઠે ભિક્ષાપાત્ર અશુદ્ધ જોયું. એ માટીવાળું હતું.

આટલી સરસ, સ્વાદિષ્ટ ખીર ગંદા કમંડળમાં રેડતાં શેઠ અચકાયા. કમંડળ લઈને સારી પેઠે માંજી લાવ્યા. એ પછી જ તે સ્વચ્છ કમંડળમાં ખીર ભરી.

ભગવાન બુદ્ધને શેઠ કહેવા લાગ્યા : 'જ્યારે તમે બહાર નીકળો ત્યારે તમારું આ ભિક્ષાપાત્ર સ્વચ્છ કરીને જ રાખો. અસ્વચ્છ ભિક્ષાપાત્રમાં ભોજનની પવિત્રતા અને સ્વચ્છતા નાશ પામે છે.'

ભગવાન બુદ્ધ શાંતિથી બોલ્યા : 'વત્સ! હવે પછી જ્યારે હું આવીશ ત્યારે મારું ભિક્ષાપાત્ર સ્વચ્છ કરીને જ આપીશ પરંતુ તમે પણ તમારું કમંડળ સાફ રાખ્યા કરો.'

શેઠે આશ્ચર્ય પામી પૂછ્યું : 'ભગવાન મારી પાસે વળી કમંડળ ક્યાં છે?' ભગવાન બુદ્ધ બોલ્યા : 'આ તનમનરૂપી કમંડળમાં મલીનતા ભરેલી રહેવાથી આ જીવન કલુષિત થઈ જાય છે. જે અંદરથી અપવિત્ર છે તેને બહાર પણ બુરાઈ દેખાય છે.'

શેઠ વાત સમજી ગયા. શેઠનું અભિમાન ઉતરી ગયું. બુદ્ધ ભગવાનને પગે પડી ઉપદેશ આપવા વિનંતી કરી. ભગવાન બુદ્ધે કહ્યું : 'આ ઉપદેશ શું ઓછો મહત્ત્વપૂર્ણ છે? એનું પાલન કરશો તોય જીવન પાવન બની જશે.' એમ કહીને ભગવાન બુદ્ધ ચાલ્યા ગયા.

## ભગવાન બુદ્ધ અને વિશ્વસુંદરી

ભગવાન બુદ્ધના સમયમાં એક અતિસ્વરૂપવાન સ્ત્રી થઇ ગઇ. તેનું નામ પણ વિશ્વસુંદરી અને વાસ્તવમાં પણ તે વિશ્વ-સુંદરી હતી. તેને પોતાના રૂપ પર ભારે ગર્વ. મોટા મોટા રાજા મહારાજો પણ તેને પામવા આતુર રહેતા.

એકવાર ભગવાન બુદ્ધને તેના અભિમાનની જાણ થઇ. તેમણે વિશ્વસુંદરીને પોતાની પાસે બોલાવી. સુંદરી બોલી ઉઠી. 'ભગવાન આપની શી આજ્ઞા છે?'

ભગવાને કહ્યું : 'મારી આજ્ઞા છે કે તું મારી સામે ઊભી રહે.'

ભગવાન બુદ્ધ તો દક્ષ હતા. પોતાના આત્મસ્વરૂપમાં વિશ્રાંતિ પામેલા હતા. ઇચ્છા વાસનાથી પર હતા. તેમને કોઇ પણ ઇચ્છા કે અપેક્ષા ન હતી. મનુષ્ય જેટલો નિરપેક્ષ રહે તેટલો તે સંકલ્પશાળી અને આત્મબળ પર વિજય પ્રાપ્ત કરી લે છે. ભગવાન બુદ્ધે સંકલ્પબળના બળથી સુંદરીને શાંત અને સ્થિર બનાવી દીધી. સુંદરીને ધીરે ધીરે ખબર પડવા લાગી કે તે ૧૬–૧૭ વર્ષની મટીને ૨૦–૨૫ વર્ષની દેખાવા લાગી. થોડીવારમાં જુએ છે તો ૩૦–૩૫ વર્ષની દેખાવા લાગી. થોડીવાર પછી ૪૫–૫૦ વર્ષની બની ગઇ. શરીર પર ઘડપણનાં ચિહ્નો જણાવા લાગ્યાં.

થોડીવાર પછી તેનું શરીર ૫૦–૬૦ વર્ષનું બની ગયું. વાળ સફેદ થઇ ગયા. દાંત પડી ગયા. મોં બોખલું થઇ ગયું. ચહેરા પર કરચલીઓ પડી ગઇ. આંખોમાંથી રોશની ઓછી થઇ ગઇ અને પાણી ટપકવા લાગ્યું. કાનમાં બહેરાશ આવી ગઇ. હાથમાં લાકડી પકડાઇ ગઇ. તેને ચક્કર આવવા લાગ્યા. એ ગભરાઇ ગઇ અને કહેવા લાગી. 'પ્રભુ મને આ શું થઇ ગયું?'



ભગવાન બુદ્ધ સ્મિત કરતાં બોલ્યા : 'હે સુંદરી હું કશું કરતો નથી. જે તારા ભવિષ્યમાં બનવાનું છે તે બતાવી રહ્યો છું. તું જે તારા યૌવનનો ગર્વ કરી રહી છે અને વિશ્વસુંદરી તરીકે પ્રસિદ્ધિ પામી છે તે આ તારું ચામડાનું શરીર આખરે ક્યાં સુધી? તું તારા શરીરની આકૃતિ પર હાડકાં અને માંસના લોચાથી બનેલ શરીરની સુંદરતા પર અભિમાન કરી તારા શરીરની ચેતનાને નષ્ટ ના કર. તારો સમય અને જીંદગી બરબાદ ન કર. તારા શરીરના કેવા હાલ હવાલ થવાના છે તે જોઇને તું સાવધાન થઇ જા. બાકીના જીવનને ઈશ્વરને અર્પણ કરી દે.' આટલું બોલી ભગવાન બુદ્ધ આત્મ વિશ્રાંતિમાં લીન થઇ ગયા.

## સંત સવૈયાનાથ

૨૫૦ વર્ષ પહેલાંની વાત છે. સૌરાષ્ટ્રમાં ધંધુકાથી ઉત્તર દિશામાં આઠ માઇલ દૂર ઝાંઝટકા ગામ આવેલું છે. જ્યાં સવા ભગત (સંત સવૈયાનાથ) રહે. વણકરીનો ધંધો કરી જાતે મહેનત મજૂરી કરીને ગજી, રેજા, વેચીને પોતાનું ગુજરાન ચલાવે. સવૈયાનાથનાં ધર્મપત્ની શ્રી મેઘામા પણ તેમનાં સહભાગી થયાં છે. બંને માણસનો એક જ દોર છે. અતિથિ, અભ્યાગત આંગણે આવેલને જમ્યા વિના જવા દેતા નહિ. કાના ગોરા જેવા મહાન પ્રખર વિદ્વાન પંડિતોની સવૈયાનાથ સાથે બેઠક–ઉઠક હતી.

ઝાંઝરકાથી ૭–૮ માઇલ દૂર ભોજપરા ગામ આવેલું છે. આ ગામના પટેલની ગંગાબાઇ નામે એક જુવાન દીકરી બચપણથી જ પ્રભુભક્તિમાં લીન રહેતી. ગંગાબાઇને બે વર્ષની એક માત્ર રૂપા નામે દીકરી હતી. ગંગાબાઇએ એવી ટેક રાખી હતી કે ઉનાળામાં કેરડાની સીઝન આવે ત્યારે કેરડા ભેગા કરી તેમનું

અથાણું બનાવવા માટે પ્રથમ ઝાંઝરકા સંત સવૈયાનાથના દ્વારે જાતે જવું, આવો નિયમ હતો.

ગંગાબાઈને સવૈયાનાથ ઉપર અડગ શ્રદ્ધા હતી. એક સમયે ગંગાબાઈ સવારમાં વહેલાં ઊઠી, નાહી ધોઈ, પૂજાપાઠ કરી,ઘરના કામકાજથી પરવારી, આનંદમાં ને આનંદમાં ખરા તાપમાં સવૈયાનાથનાં નામમાં મશકૂલ બનીને વગડામાં, ઉઘાડા પગે કેરડા વિણવા ગયાં છે. બે વર્ષની દીકરી રૂપાને ઘેર મૂકી છે. હૃદયમાં ઘણો જ ઉમંગ છે કે આજે સારા સારા મોટા મોટા કેરડા વીણીને સંત સવૈયાનાથને આપવા માટે ઝાંઝરકા જઈશ. આવી ખૂબ જ હરખાતી હરખાતી એક કેરડાના ફળ વીણી રહી હતી.

એક કેરડા નીચે એક ભોરીંગનો રાફડો હતો. તે મસ્ત બનીને આનંદમાં ને આનંદમાં ફળ વીણે છે. રાફડામાં મોટો ફણીધર ફેણ માંડીને બેઠો છે. એવામાં ભૂલથી ગંગાબાઈનો પગ એ ફણીધર નાગ પર પડયો. ગંગાબાઈને પગે નાગે ડંખ દીધો. તે સમયે ગંગાબાઈને ન તો પોતાની એકની એક લાડલી દીકરી રૂપા યાદ આવી કે પછી ન તો મા–બાપ યાદ આવ્યાં. તેણે જોરથી સાદ કર્યો. એ...ધાજો. ઝાંઝરકાવાળા ધણી... સંત સવૈયાનાથ ધાજો અને તરત જ તે નીચે ઢળી પડી. તે સમયે અહીં ઝાંઝરકામાં સવૈયાનાથ વિદ્વાન પંડિતો કાના, ગોરા તેમ જ બીજા પંદર–વીસ માણસો સાથે બેઠા હતા ને સત્સંગની વાતો ચાલતી હતી. એવા સમયે ગંગાબાઈનો અવાજ સંત સવૈયાનાથના કાને સંભળાયો. સાંભળતાં જ સવૈયાનાથે સત્સંગ મંડળને કહ્યું : 'તમો થોડીવાર બેસો, સત્સંગ કરો ત્યાં સુધીમાં હું આવું છું.

જ્યાં ગંગાબાઈ સર્પડંસથી બેભાન થઈને પડી છે ત્યાં સાધુરૂપે જઈને સવૈયાનાથે તમામ ઝેર ચૂસી લીધું ને ગંગાબાઈને તત્કાળ સજીવન કર્યાં.



ગંગાબાઈ સંત સવૈયાનાથનું નામ લઈને બેઠાં થયાં અને સાધુરૂપમાં રહેલા સવૈયાનાથજીનાં દર્શન કરી પાવન થયાં.

આ જગ્યા ઝાંઝરકામાં છે ને ત્યાં અઢારે વરણ પ્રેમથી પ્રસાદ લે છે. તે તીર્થધામ ગણાય છે.

### શ્રી હનુમાનજીએ બાળકને બચાવ્યું

શ્રી હનુમાનજી જાગૃત દેવ છે. ખરા અંતઃકરણથી પોકારવામાં આવે તો પોકારનાર ભક્ત પાસે તેઓ તુરત જ હાજર થાય છે.

એક દિવસ ચિત્રકૂટના સ્ટેશન ઉપર એક બંગાળી ગૃહસ્થનું કુટુંબ ઊતર્યું. તેઓ ચિત્રકૂટ ધામની યાત્રાએ આવ્યા હતા. સ્ટેશન ઉપર કોઈ વાહન જોયું નહિ એટલે મજૂરો કરી બધા ચાલતા રવાના થયા.

પર્યાસ્વતી નદીના કિનારે આવ્યાં એટલે ગૃહસ્થે સ્નાન કરવા વિચાર્યું અને ગૃહિણીને બાળકીને સાચવવા મજૂરો પાસે બેસાડી પોતે સ્નાન કરવા ગયા. ગૃહિણીને પણ સ્નાનકાર્ય ઝટ પતાવી લેવા ઈચ્છા થઈ એટલે સૌથી નાના બાળકને લઈ નદી કિનારે ગયાં અને બાળકને કાંઠે બેસાડી નાહવા લાગ્યાં. બાળક રમતું રમતું નદીમાં પડી ગયું તેની તેને ખબર રહી નહિ. સ્નાન કરીને જુએ તો બાળક ગુમ. તે તો રડવા લાગી અને બૂમો પાડવા લાગી. મજૂરો સાથે તે ગૃહસ્થ પણ દોડતા આવ્યા.

હવે ગૃહિણીનું હૃદય હાથ રહ્યું નહિ. આર્ત સ્વરે તે સૌ પોકારવા લાગ્યાં, 'હે હનુમાનજી! ચિત્રકૂટ આવવાથી તો દુઃખ દૂર થાય છે તેને બદલે અમારી ઉપર આવું દુઃખ કેમ પડ્યું? બાળકને

સત્વરે શોધી આપો.' ફરી ફરી તેઓ હનુમાનજીની પ્રાર્થના કરવા લાગ્યા.

તેવામાં પાસેના ઝાડ ઉપરથી એક મોટા વાંદરાએ નદીમાં કૂદકો માર્યો અને કાંડુ પકડીને બાળકને બહાર કાઢી તેની માતા સામે મૂકી દીધુ અને તરત કૂદકો મારી ઝાડ ઉપર ચઢી ગયો. સહુ જોતાં રહ્યાં આવો અદ્‌ભુત ચમત્કાર જોઇ ગૃહસ્થ બે હાથ જોડી હનુમાનજીની પ્રાર્થના કરવા લાગ્યા.

ગૃહિણીનું દુઃખ હર્ષમાં ફેરવાઇ ગયું. તેમણે મિઠાઇ મંગાવી. બાળકોને અને વાંદરાઓને ખવરાવી. પણ તે વાંદરામાં પેલો મોટો વાંદરો દેખાયો નહિ. બંગાળી ગૃહસ્થ યાત્રા સફળતાપૂર્વક પૂરી કરી શ્રદ્ધાભક્તિમાં વધારો કરીને ઘર તરફ વિદાય થયા.


શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.




# હિમાલયના પત્રો

સંક્ષેપ : સુરેશ શાહ, કેનેડા

## પત્ર-૯ : પ્રત્યુત્તર

પૂ. શ્રીએ શ્રી અરવિંદને લખેલા પત્રનો પ્રત્યુત્તર તેમના નલીનીકાન્તબાબુ નામના સેક્રેટરી આપે છે અને જણાવે છે, "We beg to inform you that it will not be possible to take you in the Ashram as an inmate."પત્ર વાંચતાં જ પૂજ્યશ્રીને આનંદ આનંદ થાય છે, પૂ. શ્રી નિરાશ થતા નથી. કારણ નિરાશ થનારને આધ્યાત્મિક જગતમાં સ્થાન જ નથી સાથે એમ પણ માની લીધું કે અરવિંદાશ્રમમાં હમણાં જવાનું નહિ હોય, સાક્ષાત્કાર કાંઇ કોઇ એક ઠેકાણે જ થઇ શકે છે?

પૂ. શ્રી પોતાના સહાધ્યાયી શ્રી નારાયણભાઇને (આપણા તંત્રીશ્રી) ઋષિકેશથી સ્વામી શિવાનંદના પ્રત્યુત્તર વિશે જણાવે છે કે સ્વામી શિવાનંદનો પ્રત્યુત્તર ડાહ્યો છે અને સુંદર છે-જેનો સારાંશ આ પ્રમાણે છે-

**Beloved Self,**

Delighted to persue the contents of your letter. You are a man of great spiritual samskaras. You can nicely progress in the spiritual line. Have some daily regular practices in concentration, meditation and Jap. Throgh selfless services to society, to

religious institutions, purify your heart. Then you quickly progress in meditation, while remaining in solitude.

At the end of every month write to me about your progress. I will give you further lessons for your practices.

**Thy own self.**

"Life is short, time is Fleeting
And the world is full of miseries;
cut the knot of Avidya
And drink the nirvanic bliss."

**પત્ર–૧૦ : સ્વામી શિવાનદને પત્ર**

**- Swami Sivananda**

જાન્યુઆરી ૧૯૪૧, એટલે કે વીસ વર્ષની યુવાનવયે પૂ. શ્રી સ્વામી શિવાનંદના પત્રનો વડોદરાથી જવાબ આપતાં ઈશ્વર-પ્રાપ્તિની પોતાની મનોવ્યથાનું વર્ણન કરે છે જેનો સારાંશ નીચે પ્રમાણે છે–

"What do you suggest? service? or hard practice for self–realization fo any way. I wish to come to you. I beg I must be given proper guidance in yoga. I wait for the day when I shall sit before the feet of the Sat–Guru–you, and awaking through this untruth shall stand befove the divine truth Anyway, I put my head to your feet, O Lord, Lead me to the land of Light. न तत्र सूर्यो भाति न चन्द्रतारकं न विद्युतो भान्ति



कुतोऽयमग्निः Oh, when shall I realise this? I will realise and realise it very soon. I am born for that. Oh, I am sat–chit–Ananda. The Lord is ready to embrace me and I must go to him!"

પૂ. શ્રીનો આત્મસાક્ષાત્કારનો વિશ્વાસ કેટલો સચોટ હતો તે આ પત્રથી જણાય છે.

**પત્ર–૧૧ : લગ્નની વાત પડતી મુકાઈ**

પૂ. શ્રીએ અર્થોપાર્જનની દૃષ્ટિએ ભિક્ષુ–અખંડાનંદને ૨૦–૨૨ લેખો મોકલ્યા હતા. જે વાંચીને તેમણે પૂ. શ્રીને મળવા બોલાવ્યા. લેખ બદલ તે કોઈને પણ પૈસા આપતા નથી છતાં સંસ્થાના નિયમ વિરુદ્ધ, પુરસ્કારરૂપે ૧૨૦ રૂ. તેમણે પૂ. શ્રીને આપ્યા. ઈશ્વરની લીલા અપાર છે. જે દિવસે અખંડાનંદનો પત્ર આવ્યો તે દિવસે પૂ. શ્રીને સખ્ત લાગી આવ્યું હતું કે નોકરી વિના રહેવું અને યોગમાર્ગે પણ આગળ ના વધવું એ પરિસ્થિતિ અસહ્ય કહેવાય. વળી મામાના ૧૦૦ રૂ. નું દેવું પણ કેવીરીતે વાળવું? શ્રીકૃષ્ણે પોતે કહ્યું છે કે **योगक्षेमं वहाम्यहम्** એ અનુ-ભૂતિને સાચી ઠરતી તેઓએ અનુભવી અને જિંદગીમાં જાણેલાય નહિ તેની પાસેથી રૂ. ૧૨૦ ની મદદ મળી. ખરેખર, એની શક્તિ અવર્ણનીય છે. જે એને શરણે જાય છે તે એનો થઈ રહે છે.

વળી પૂ. માતાજીને સમજાવતાં તેઓએ પૂ. શ્રીને લગ્ન નહીં કરવાની રજા આપી. આમ ઈશ્વરે પૂ. શ્રીનો માર્ગ ખુલ્લો કર્યો. પૂ. શ્રી માનતા કે 'કામ' માણસને અંધ બનાવે છે, પ્રેમ એને પ્રભુ કરે છે. સામાન્ય મનુષ્યો લગ્નસંસ્થામાં જે પાશવી વૃત્તિનું પોષણ થાય છે અને તેમાં ઝકડાઈ જાય છે તેમાંથી પૂ. શ્રી ઈશ્વરકૃપાથી અને પોતાના દૃઢ નિર્ણયથી દૂર રહી શક્યા. મા જગદંબાની કેવી કૃપા!

## પત્ર–૧૨ : અદ્વૈતનો અનુભવ

પૂ. શ્રીને અમદાવાદમાં સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલયમાં ભિક્ષુ —અખંડાનંદે કહ્યું હતું—"તમે ત્યાં ગયા પછી જાણશો કે જે માટે તમે ગયા હતા તે તમારી પાસે જ હતું. એમણે કહ્યું હતું કે આત્માનુભવ થાય ને તે પછી આનંદ ને શાંતિમાં મન મગ્ન થાય, પ્રત્યેક વસ્તુમાં નૂતનત્ત્વ જણાય, અને એ અનુભવમાં એક પળ પણ કે તેથી વધારે વાર સુધી દેહનું ભાન ભૂલાય, તો તે સમાધિ છે.

માણસ અનુભવે કે પોતે બ્રહ્મ છે, એક અને અખંડ છે, સર્વ છે. પછી તો તે જે કરે છે તે નિર્લેપ રહીને જ કરે છે. જ્યાં જ્યાં જુએ છે ત્યાં આત્મા અનુભવે છે. આજ બ્રહ્મની સાથે આત્માના અદ્વૈતનો અનુભવ થવો એ જ સાક્ષાત્કાર છે."

સ્વામી શિવાનંદે પૂ. શ્રીને બોલાવ્યા ન હતા છતાં પૂ. શ્રી ત્યાં જાય છે, અને ઓછામાં ઓછું એક વર્ષ ત્યાં રહેવાનો નિર્ણય કરે છે, પરંતુ રહેઠાણની પ્રથમ રાત્રિએ જ પૂ. શ્રીને જે અનુભવ થયો તે તેમના જ શબ્દોમાં જોઈએ—

તે રાતે હું કીર્તનખંડમાં સૂતો. ખંડમાં કૃષ્ણની છબી હતી. અંધારું હતું. ને સવારે જોઉં છું તો અદ્ભુત અનુભવ થયો. શાંતિ. કેવી દશા હતી તે કહી શકાય તેમ નથી. હૃદયના ઊંડાણમાંથી અવાજ આવ્યો. એવું મેં કોઈવાર અનુભવ્યું નથી. એ શબ્દ હતા: **"તું નિત્યસિદ્ધ છે, મુક્ત છે. મેળવવાનું તે મેળવી લીધું છે. તારે આ સાધના શી? તું મુક્ત છે. હવે તું સંસારમાં જા. તું કદી નહિ લેપાય."** અવાજ દિવ્ય હતો. હું આનંદથી પુલકિત થયો. ઉલ્લાસ પ્રસરી વળ્યો. ગંગાનો સુંદર કિનારો હતો. ત્યાં જઈને મેં મારો સ્વર વહેતો મૂક્યો. અદ્વૈતનો અનુભવ થયો. દિવ્યદેશનો રસ મળ્યો. ઉત્સાહ ના માયો. સવારના પહોરમાં જ એક સ્વામીજીને



મેં કહ્યું, હું પાછો જઈશ. મારે સાધનાની જરૂર નથી. એ આશ્ચર્ય પામ્યા હું આનંદમગ્ન હતો.

સાધનાત્મક જીવન, ઈશ્વરપ્રાપ્તિની અભિરૂચી અને આત્મ-સાક્ષાત્કાર માટે દૃઢ નિર્ણય, અવિરત પ્રયત્નો અને મનની ઉત્કટતા જરૂરી છે તે માટે સાધકની ઉંમર સાથે કોઈ નિસ્બત નથી તે પૂ. શ્રીના અનુભવથી સિદ્ધ થાય છે. લોકોમાં ખાસ કરીને એવો દૃઢ વિચાર ફેલાયો હોય છે કે અમુક ઉંમરે જ અમુક અનુભવ થઈ શકે. પૂજ્યશ્રી જણાવે છે કે પોતે સંન્યાસ—બહારનો સંન્યાસ—લેવાની વિરુદ્ધ હતા. પરંતુ આ અજબ અનુભવે પૂ. શ્રીને પાછા આણ્યા—તેઓ જણાવે છે કે, 'મેં જે અનુભવ્યું છે તે મારા વિના કોણ જાણી શકે? હવે શાંતિ છે, આનંદ છે, કૃતકૃત્યતા છે. માણસ જ્યારે અનુભવે છે કે પોતે જ સર્વ કંઈ છે, જ્ઞાન તે જ્ઞાતા કે જ્ઞેય છે, પૂર્ણ છે, મુક્ત છે, બુદ્ધ છે, પછી તેને જાણવા જેવુ ક્યાં ને શું રહ્યું? તે તો પછી જીવનમુક્ત જ બની રહે છે.

## પત્ર–૧૩ : વિદ્યાર્થીઓનો પ્રેમ

ઈ. સ. ૧૯૪૧ માં ટી. બી. હાઈસ્કૂલ ભાદરણમાં શિક્ષકની નોકરી સ્વીકાર્યા પછી શ્રી નારાયણભાઈને પત્ર લખતાં પૂ. શ્રી જણાવે છે કે, "આનંદ—સુખ—શાંતિ કલ્યાણ. રાજ્યસિંહાસન પર બેસનારા રાજાને જે સુખ નહિ સાંપડતું હોય તે સુખ અહીંયા છડી પોકારી રહ્યું છે, ધન ને વૈભવમાં મહાલનારને જે નહિ મળતો હોય તેવો આનંદ અહીંયા આનંદી રહ્યો છે.

મને હવે કશાનો શોક નથી. શાનો શોક હોય? મારા વિના વિશ્વમાં બીજું કોઈ તત્ત્વ જ નથી. મારામાં શોક ને નિરાશા જેવા દુન્યવી તત્ત્વો પ્રવેશી શકે તેમ નથી. હું ગુણથી પર છું છતાં કહો

કે સચ્ચિદાનંદ છું. જન્મ ને મરણના બંધનોને લાત મારીને બહાર નીકળેલો છું. હૃદયમાં વહી રહેલો આનંદ અંગાંગમાં વહી રહ્યો છે.

પોતે નાની ઓરડીમાં રહેતા હોવા છતાં, જણાવે છે કે, "વિદ્યાર્થીઓનો પ્રેમ ખૂબ છે. તેઓ પ્રભુની પ્રતિમાઓ છે. તેમની આંખમાં, તેમની વાણીમાં, તેમના હલનચલનમાં,—બધામાં ઈશ્વર નહિ તો બીજું શું છે? તેમની વાણી મીઠી છે, તેમનું હૃદય પ્રેમાળ છે, તેમની આંખમાં ઈશ્વરનો ચમકાર છે; ઈશ્વરે જ કહ્યું છે—હું ત્યાં છું જ્યાં જ્યાં સૌંદર્યનો ઝબકાર છે, જ્યાં આનંદનો વાસ છે, બુદ્ધિનો ચમકાર છે ગમે તેમ, પણ વિદ્યાર્થીઓનો પ્રેમ ખૂબ છે.

આધુનિક શિક્ષણપદ્ધતિની ટીકા કરતાં પૂ. શ્રી જણાવે છે કે, "આપણા શિક્ષણે આપણને ક્યાં મૂક્યા છે! આપણે નથી રહ્યા ઘરના કે નથી રહ્યા ઘાટના? જીવનની સાચી દિશા બતાવે, જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે આપણો માર્ગ અજવાળે, અનેક નિરાશાઓમાં પણ જે આશાનો સૂર સંભળાવે, દૃઢ બળથી આગળને આગળ વધવા પ્રેરે, આત્મજ્ઞાનનું ગૌરવ જગાવે, આવું સાહિત્ય આપણને શીખવવામાં આવ્યું જ નથી. આપણને હસતા આવડતું જ નથી. રડવાનું પણ આપણે પૂરેપૂરું જાણતા નથી. આપણે માત્ર નકલ કરીએ છીએ! આ આપણો આનંદ! આનંદને આપણે વિસારી દીધો છે. એ તો આપણો જન્મસિદ્ધ હક્ક છે.

(ક્રમશઃ)



"મહાત્મા શ્રી યોગેશ્વર ચિંતન" ગ્રંથ અંગે

# નમ્ર અનુરોધ

પ્રો. ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર

પ્રભુકૃપાથી તથા બ્રહ્મલીન મહાત્મા યોગેશ્વરજીની પ્રેરણાથી અને પ. પૂ. પ્રાતઃસ્મરણીય સર્વેશ્વરી માના આશીર્વાદથી સમર્થ ચિંતક મહાત્મા યોગેશ્વરજીના વિવિધ ગ્રંથોમાં અત્રતત્ર વેરાયેલ છૂટાછવાયા ચિંતનને એકત્ર કરી **"મહાત્મા શ્રી યોગેશ્વર ચિંતન"** નામક ગ્રંથ તૈયાર કરવાની યોજના છે, આપણા ગાંધીવાદી ચિંતક શ્રી કિશોરલાલ મશરૂવાલાએ જે ઢબે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિવિધ ગ્રંથોમાંથી 'ગાંધી વિચારદોહન' ગ્રંથ તૈયાર કર્યો છે તે જ પદ્ધતિએ, જરા જુદી રીતે, આ ગ્રંથ તૈયાર કરવા વિચાર્યું છે.

ભારત એ વંદનીય વિભૂતિઓનો પુનિત દેશ છે. એમાં આધ્યાત્મિક ક્ષેત્રે સાક્ષાત્કારથી અન્વિત થયેલ બ્રહ્મલીન મહાત્મા યોગેશ્વરજીનું સ્થાન નિરાળું છે, એમના યત્કિંચિત સાન્નિધ્ય તથા પ્રેરણાથી ધન્ય થઈ ઘણાં વર્ષોથી આ કામ સેવારૂપે કરવાની મારી મનીષા જે હતી તે હવે પ. પૂ. વિભૂતિ સર્વેશ્વરીમાની આશીર્વાદરૂપ અનુમતિથી સાકાર થઈ શકશે, એનો અનહદ આનંદ છે.

આ મોટા કામ માટે 'અધ્યાત્મ'ના સર્વે વાચકો તથા મહાત્મા યોગેશ્વરજીના અંતેવાસીઓ, ભક્તો ને અનુયાયીઓના સક્રિય સહકારની જરૂર છે ને મને આશા છે કે આ સેવાકાર્યમાં મને એ બધાનો સહકાર મળી રહેશે ને જે રીતે મહાત્મા યોગેશ્વરજીના સમગ્ર કાવ્યોમાંથી ઉત્તમ કાવ્યો ચૂંટી તેનો 'સાધના' નામક

સંપાદિત કાવ્યસંગ્રહરૂપે પ્રસાદ પ્રભુકૃપાથી મારાથી કરી શકાયો તે જ રીતે પ્રભુકૃપાથી આ સેવા પણ કરી શકાશે, એવી શ્રદ્ધા છે.

આ અંગે મહાત્મા યોગેશ્વરજીના જેમની પાસે પત્રો હોય, ને જેમને મહાત્માજીએ હસ્તાક્ષર સાથે કંઇ મનનીય ચિંતન સભર ઉક્તિ લખી આપી હોય તેની ઝેરોક્ષ નકલ મને મારા નીચેના સરનામે સવેળા સત્વરે પહોંચાડવા નમ્ર આગ્રહભરી વિનંતી છે. આ સ્તુત્ય સેવાકાર્યમાં આપ સર્વેની શુભેચ્છા મને બળ આપી રહેશે એટલે સર્વેની શુભેચ્છા યાચું છું. સરનામું હિંદી યા અંગ્રેજી-માં કરવા વિનંતી છે. પ્રસ્તુત ગ્રંથ તૈયાર થયે પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ તરફથી પ્રકાશિત કરવામાં આવશે.

प्रो. डो. धर्मेन्द्र म. मास्तर (मधुरम)
D–1/1 Bajaj Colony,
Post : MIDC, WALUS वालूज.
Via. : Aurangabad, Maharastra State
Pin. : 431 136

### સુવાક્ય

"બધો વખત સતત ઈશ્વરનો જ વિચાર કર્યો કરો. ઈશ્વર ચિંતન મનનથી કદિ જુદા ન પડો. ઠાકુર કહેતા તેમ દુ:ખતી દાઢ હોય ત્યારે બધાં કામ કરો પણ મન ત્યાં જ રહે છે તેમ. તે તમને પવિત્ર અને મુક્ત બનાવશે."



## * માને પ્રાર્થના *

ઓમ્ મા પ્રગટો અંતરમાં રહી
ડગલે ડગલે જીવનમાં !
નિર્ભયતાનાં પીણાં પાઇ
ખુમારી ભરી દો રગરગમાં !
પ્રકાશ પંથે પ્રયાણ કરીએ,
કરીએ શુદ્ધ સદા વ્યવહાર !
ગૌરવ ગાન ભારત દેશનું
ગાઇ ગજવીએ. આ સંસાર !
સમૃદ્ધ કરજો સૌને સદા દઇ
શક્તિ–ભક્તિનું વરદાન !
આસક્ત ના થઈએ સંસારે
રહીએ જાણે થઇ મહેમાન !
બાળ અમે સૌ વિનંતિ કરીએ
વરસાવો કૃપા વરસાદ–
ધ્યેય અમારું જીવન જંગે
કરાવજો અમને મા યાદ !

— પરમાર્થી

## * મરવાનું શિખવાડો *

મને કોઇ મરવાનું શિખવાડો.
જીવવાનું તો જીવી નાખ્યું!
દેવ-માર્ગ દેખાડો. ...મને કોઇ૦
કાળ-સિન્ધુમાં જીવન-મૃત્યુ બુદ્‌બુદ્‌ મર્મી ભાખે,
સિન્ધુના જીવનમાં બિન્દુ : તત્ત્વટૂંપણું દાખે;
અનન્તતામાં બિન્દુ કેરી બલિહારી બતલાવો. ...મને કોઇ૦
દેહ-દેહીની યુગપદ્‌લીલા? દેહ પડયે શી ગત?
ભસ્મીભૂત ઉભય? ના, દેહી અમર, મનીષી મતં.
દેહની સાથે ધર્મ, વાસના, પાપ-પુણ્ય ઉપાડો? ...મને કોઇ૦
કર્મ-મર્મ ને પુનર્જન્મની ચક્રગતિમાં ફરવું?
લખચોર્યાસી અન્તે મુક્તિ? આશાવાદે મરવું?
વિપર્યાસ? ઉપાધિ? મૃત્યુ : નવ-જીવન સમજાવો. ...મને કોઇ૦
કીટ-પતંગ રૂપાન્તર જીવન-મૃત્યુની ગત એવી?
બર્ફ, સલિલ, વરાળ, ઘન, વર્ષા એકજ? સમજી લેવી?
ફૂલ ખીલે, ખરતું, નવ મરતું, ફોરમમાંય જીવાડો. ...મને કોઇ૦
જીવવાનું જીવી નાખ્યું!
દેવ-માર્ગ દેખાડો
મને કોઇ મરવાનું શિખવાડો.
મને કોઇ મરવાનું શિખવાડો.

— ડો. રણજિત પટેલ (અનામી)



# સંતોના બે બોધપ્રદ પ્રસંગો

સંકલન : અધ્યાત્મ પ્રેમી

ઘોડ નદીના લોહકરે માસ્તર શિરડી ગયા. શ્રી સાંઇબાબાને બે પૈસા દક્ષિણા આપી. (તે સમયે હાલના રૂપિયાના નવા સિક્કા જેવડો તાંબાનો પૈસાનો સિક્કો આવતો. અને હાલ રૂપિયાનો મોટો જુનો સિક્કો આવે છે તેવડો તાંબાનો ઢબ્બુ એટલે કે બે પૈસાનો સિક્કો આવતો.) શ્રી સાંઇબાબાએ ફરીથી દક્ષિણા માગી. પરંતુ માસ્તરનો કરકસરિયો સ્વભાવ હોવાથી ના પાડી. સાંઇબાબા કહે "અચ્છા આગે લેંગે." આગળ માસ્તરને સાકોરીમાં રહ્યા પછી પેટદર્દ ઊપડયું. શ્રી બાબા પાસે (ઉપાસની બાબા) ઉદી (ભસ્મ) માગતાં જ શ્રી બાબા બોલ્યા. "અમારા બસો રૂપિયા લાવ એટલે પેટદર્દ સારું કરું છું."

માસ્તરે સો રૂપિયા આપ્યા તથા "બાકીના પછી આપીશ." એવું વાઘસાહેબને કહ્યું. ઉદી ખાતાં જ પેટ દર્દ બેસી ગયું. શ્રી બાબાએ સમાધિ લીધા પછી માસ્તરને લાગ્યું, સો રૂપિયા બચ્યા. પરંતુ શ્રી બાબાએ પંઢરપુરમાં સ્વપ્નમાં કહ્યું, "અરે માસ્તર તને લાગે છે હું મર્યો. સો રૂપિયા બચ્યા, કાલે ગોદાવરીના નામે સો રૂપિયાનું મનીઓર્ડર મોકલજે નહિતર યાદ રાખ, મારાથી પાનું પડશે. હું મર્યો નથી.

માસ્તર ગભરાયા અને બીજા દિવસે એ રૂપિયા સાકોરી મોકલ્યા. આગળ જતાં તે કાયમ માટે જ સાકોરીમાં આવી રહ્યા. ઉપાસની મહારાજ આવા મીણથી પણ નરમ તથા વજ્રથી પણ કઠોર હતા. □

સુરત પાસે ખરવાસા ગામમાં તેજાનંદ સ્વામીનો આશ્રમ છે. જ્યારે તેજાનંદ સ્વામી ખરવાસાના આશ્રમમાં નિવાસ કરતા હતા ત્યારે તેમની પાસે અશ્વની નામની પાણીદાર ઘોડી હતી. એને જોતાં ભલભલાનું દિલ લલચાતું પરંતુ એ પ્રભાવશાળી સંતનું નામ સાંભળતાં જ ઠરી જતાં. પ્રાતઃકાળ થતાં તેજાનંદ સ્વામી અશ્વીનીની પીઠઉપર ઝોળી ભેરવી વિદાય કરતા. એટલે તે ધીમે ધીમે પોતાના માર્ગે પ્રયાણ કરતી. દૂર દૂરના ગામોમાં ફરતી. સંતની ઘોડીને આવેલી જોતાં લોકો ઉદાર હૃદયે ઝોળી ભરી દેતા. સાયંકાળ થતાં અશ્વની પુનઃ સંતના આશ્રમમાં આવી જતી. માંડવી તાલુકામાં આવેલ કરવતી ગામનો ઉકા નામનો ભીલ લૂંટારો ખરવાસાની આસપાસના ગામોમાં ફરીને તે પોતાનું કાર્ય કેમ સિદ્ધ થાય તેની યોજના ઘડી રહ્યો હતો, તે સમયે તેની નજર સાથે કોઈ પણ રખેવાળ વગરની ઘોડીને જોતાં તે લૂટારા-નાં પેટમાં પાપ પેદા થયું અને અશ્વનીને પરાણે પોતાના ગામ કરવતી ભણી હાંકી ગયો. અશ્વની એક સંતની ઘોડી હતી. એક લૂટારાના હાથમાં તે ઘડીયે રહી શકે નહિ પરંતુ સંજોગને આધીન થઈ આવી હતી. ત્રણ દિવસ થયા પરંતુ અશ્વની આશ્રમમાં પાછી ન આવતાં સંત ચિંતાતુર બન્યા.

લૂંટારાની પત્નીએ ઘોડી વિષે પ્રશ્ન કરતાં જાણ્યું કે આ તો ખરવાસામાં વસતા તેજાનંદ સ્વામીની ઘોડી છે. તેજાનંદ સ્વામીનું નામ સાંભળતાં જ પત્ની ચોંકી ઊઠી અને સંતને સોંપી દેવા જણાવ્યું. ભીલડી–સુપાત્ર હતી પરંતુ પાપી હૃદયના લૂંટારાએ પત્નીની વાત હસી કાઢી. રાત્રે ભીલડીને ભયાનક સ્વપ્ન આવ્યું જેમાં શક્તિએ ઉગ્રરૂપ ધારણ કરી ચેતવણી આપી કે, 'જો તું તારા પુત્રને જીવાડવા ઇચ્છતી હો તો અશ્વનીને ત્વરાથી તેજાનંદ



સ્વામીના આશ્રમમાં પાછી મૂકી આવ. નહિ તો તારો ખોળો ખાલી થઈ જશે. નિદ્રામાંથી ઝબકીને જાગ્રત થયેલી ભીલડી કાંપી ઊઠી. સ્વપ્નની વાત સ્વામીને કહી, પરંતુ પાષાણ હૃદયનો ભીલ માને ત્યારે ને.'

પ્રાતઃકાળ થયા છતાં પુત્ર પથારીમાંથી ઊઠયો નહિ. તેનો એકનો એક પુત્ર બિલકુલ બેહાલ બની ગયો હતો. પોતાના એકના એક પુત્રને પથારીવશ બનેલો જોતાં ઉકલાના હૃદયમાં સખત આંચકો લાગી ગયો. દૈવે એક જ દીકરો આપ્યો હતો અને એ દીવો પણ ઘડી પળમાં બૂઝાઈ જાય તેમ છે એ સત્ય તે સમજી ગયો.

ભીલડી પોતાના પુત્રને સંતની ઘોડી પાસે લઈ ગઈ અને વિનયથી પ્રાર્થના કરતાં કહેવા લાગી. 'માતાજી! મારો પુત્ર કુશળ ક્ષેમ ઉગરી જાય તો હું તમને તેજાનંદ સ્વામીના આશ્રમમાં પહોંચાડી દઈશ!' આમ કહી દીનતાથી એ શક્તિ સ્વરૂપા અશ્વની-ને ભીલડીએ પ્રણામ કર્યાં. તેની ભાવના સાચી હતી એટલે બે ઘડી જેટલા સમયમાં બાળક સ્વસ્થ થઈ રમતો થઈ ગયો. એ લૂંટારાને સંતના પ્રભાવનાં દર્શન થયાં. ચોથે દિવસે ઉકલો પોતાની પત્ની, પુત્ર તથા ઘોડીને લઈ ખરવાસા જવા ઊપડયો. સંતના સ્થાનમાં આવી બાબાના ચરણમાં લાઠીની જેમ ઢળી પડી પોતાના અપરાધની ક્ષમા માંગી. સદ્‌ગુરુએ તેને ચોરી, લૂંટ બંધ કરવા ઉપરાંત ઉપદેશની ઘણી વાતો સંભળાવી. સંતના એ અમીબોધથી એના અંતરમાં અજવાળાં થઈ ગયાં. લૂંટારાની પત્ની તો ભાવના-શીલ હતી જ. એટલે તેણે ઊઠીને પ્રેમથી સદ્‌ગુરુના ચરણમાં પ્રણામ કર્યાં.

સદ્‌ગુરુનો ઉપદેશ પ્રાપ્ત કર્યા પછી એક સમયના અધમ લૂંટારાનું સાચે જ પરિવર્તન થઈ ગયું. પારસના સ્પર્શથી કથિર જેમ કાંચન બને, તેમ ઘડીભરના સંત સમાગમથી એ લૂંટારો ભક્ત હૃદયનો બનીને પોતાના ગામ કરવતી પાછો આવ્યો. પ્રેમથી સંતોની સેવા કરી અને ઈશ્વર ભજનમાં લયલીન બનેલા ભીલ 'ભક્ત ઉકલાજી' નામથી વંદનીય બની ગયો.

(સંત સમાગમ આવું અમોઘ સાધન છે.)


મનને સુશાંત રાખવું, તપવું નહિ લગાર;
ઉચિત હોય તે બોલવું, પૂરો કરી વિચાર.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

## સ્મૃતિ અને સહાનુભૂતિ

શબરીના શરીરત્યાગ પછી રામ અને લક્ષ્મણ એની ઉત્તરક્રિયામાં ભાગ લઈને પંપા સરોવરના પ્રશાંત તટ પર આવી પહોંચ્યા. સરોવરનું દૃશ્ય અત્યંત આહ્‌લાદક, આકર્ષક અને અનુપમ હતું એ દેખીને એમને આનંદ થયો. રામે કહ્યું : 'લક્ષ્મણ, ગુરુકૃપાનો મહિમા જોયો ને? શબરી પર એના ગુરુની સંપૂર્ણ કૃપા હતી તો એ ઉત્તમ અસાધારણ અવસ્થા પર પહોંચી ગઈ. એના પોતાના અંતરમાં પણ ગુરુને માટે તથા બીજા ઋષિમુનિઓ માટે કેટલી બધી શ્રદ્ધાભક્તિ ભરેલી?'

લક્ષ્મણે શાંતિપૂર્વક, શબરી પ્રત્યેના સન્માનભાવથી પ્રેરાઈને કહ્યું : 'શબરીની અસાધારણ શ્રદ્ધાભક્તિ જોઈને હું તો સ્તબ્ધ જ થઈ ગયો. શબરીની સેવા, શ્રદ્ધા ને તપશ્ચર્યા ખરેખર અનુપમ છે. બીજા કોઈના જીવનમાં એની જોડ મળવી મુશ્કેલ છે.'

સરોવરની આજુબાજુના સુંદર દૃશ્ય પર દૃષ્ટિ ફેરવતાં રામે કહેવા માંડયું : 'સંત તથા મહાત્મા પુરુષોની એવી ભક્તિ, શ્રદ્ધા અને સેવા વિના જીવનનું કલ્યાણ નથી કરી શકાતું. ધર્મનો તથા સાધનાનો એ સાર છે. શબરીએ એ સારને એના જીવનમાં સંમિશ્રિત કર્યો તો એનું જીવન સફળ થયું કે કૃતકૃત્ય બન્યું. આ પંપા સરોવરની પેઠે એ સરળ, સુંદર અને સુશોભિત બની ગયું. પંપા સરોવરની શોભા કેટલી બધી અનેરી છે? એમાં ખીલેલાં કમળો પોતાના સુંદર દલને આકાશ તરફ ઉઘાડીને ઊભાં રહ્યાં છે. તેવી રીતે શબરીએ પોતાના અંતરને પરમાત્મા તરફ ખોલી નાખેલું. સરોવરના તટ પરનાં આ રંગબેરંગી પુષ્પો કેટલાં બધાં રમણીય લાગે છે! એવી રીતે શબરીના મનમાં ઉત્તમ પ્રકારના ભાવો તથા વિચારોની સૃષ્ટિ થયેલી. એનું અંતર સરોવરના આ નિર્મળ નીર જેવું જ નિર્મળ હતું. એ

તો ચાલી ગઇ પરંતુ આપણે માટે વિશુદ્ધ સ્નેહ તથા સેવાનો સનાતન સંદેશ મૂકતી ગઇ.'

રામના શબ્દો સાથે સહમત થતો હોય તેમ લક્ષ્મણ કશું ના બોલ્યો અને મનોમન શબરીને અનુરાગની અંજલિ આપી રહ્યો, એટલે રામે આગળ કહ્યું : 'પંપા સરોવરના આ સુંદર દૃશ્યને દેખીને એના આનંદમાં અવગાહન કરતાં મને એક પ્રકારની ઊંડી વેદના થઇ આવે છે.'

લક્ષ્મણ બોલ્યો : 'સરોવરનું દૃશ્ય તો અતિશય આનંદદાયક છે, છતાં પણ તમને ઊંડી વેદના થઇ આવે છે તેનું કારણ?'

'તેનું કારણ તું ના સમજી શક્યો? તેનું કારણ બીજું કશું નથી પરંતુ સીતાની સ્મૃતિ છે.'

'સીતાની સ્મૃતિ?'

'હા એ સ્મૃતિ મારા મનમાંથી સહેજ પણ નથી ભૂંસાતી. આજે એ વધારે બળવાન બનીને મને સતાવી રહી છે. સીતા અત્યારે શું કરતી હશે ને ક્યાં હશે?'

'એ ક્યાં હશે ને શું કરતી હશે એ તો કેવી રીતે કહી શકાય? છતાં પણ એટલું તો અવશ્ય કહી શકું છું કે એ જ્યાં પણ હશે ત્યાં રહીને તમને યાદ તો કરતી જ હશે, એની મને ખાતરી છે.'

'એટલી ખાતરી તો મને પણ છે, પરંતુ એ સુખી હશે ખરી?'

'એ સુખી હોય એવું તમે અવશ્ય ઇચ્છો, અને હું પણ એવી જ આશા રાખું, છતાં પણ એ સુખી હોય એવું મને નથી લાગતું.'

'કારણ?'

'કારણ તમે સહેલાઇથી સમજી શકો તેમ છો, છતાં મને પૂછી રહ્યા છો તો હું જ કહી બતાવું છું. સીતા પૃથ્વીના ગમે તે પ્રદેશમાં જાય તોપણ તમારા વિના સુખી થઇ શકે તેમ નથી. તેનું સુખ એકમાત્ર તમારામાં જ રહેલું છે. એ તમારાથી દૂર છે એટલે કેવી રીતે સુખી બની શકે?'

રામનું અંતર આર્દ્ર બની ગયું.

એમની આંખમાંથી આંસુ ટપકવા માંડયાં.

એમણે અત્યંત આર્ત સ્વરે કહેવા માંડયું : 'તારી વાત તદ્દન યથાર્થ છે, લક્ષ્મણ! સીતાના હૃદયને તું સંપૂર્ણપણે સમજી શક્યો છે. એ મારા વિના



ખૂબ જ શોકતુર, દીન અથવા દુઃખી હશે. એ અહર્નિશ મારું જ ચિંતન કરતી હશે. એને મારા વિના ક્યાંય પણ ચેન જ નહિ પડતું હોય. મને મળશે ત્યારે જ એ સુખી થશે. પરંતુ એ કોણ જાણે ક્યારે મળશે?'

રામ નાના બાળકની પેઠે ભાવવિભોર બનીને રડવા લાગ્યા, એટલે લક્ષ્મણે પોતાથી આંખનાં અશ્રુને રોકતાં સાંત્વનભર્યા સ્વરે કહેવા માંડયું : 'એ તમને જરૂર મળશે. આપણે એને ગમેતેમ કરીને શોધી કાઢીશું ને બનતા બધા જ પ્રયત્નો કરીને વહેલામાં વહેલી તકે શોધી કાઢીશું.'

'પરંતુ ત્યાં સુધી એ જીવતી રહી શકશે ખરી?'

'જરૂર રહી શકશે.'

'એનો મારા પ્રત્યેનો પ્રેમ જોતાં મારા વિના એ લાંબા વખત લગી જીવતી ભાગ્યે જ રહી શકશે.'

'એ હકીકત સાચી છે છતાં પણ તમારા પુનર્મિલનની આશા અને તમારો પ્રેમભાવ એના જીવનને ટકાવી રાખશે. એ સંબંધી મને જરા પણ શંકા નથી.'

રામ શાંત રહ્યા.

એમની આંખ આગળ સીતાની વિષાદમગ્ન, વિરહાકુલ, ખિન્ન આકૃતિ રમી રહી. થોડીક વાર લગી એ એના ધ્યાનમાં ડૂબી ગયા, પરંતુ પછી એમાંથી જાગીને બોલ્યા : 'સીતા આપણી સાથે હોત તો એનો પ્રાણ કેટલો બધો પુલકિત અથવા પ્રસન્ન થાત? શબરીની સાથેના સુખદ સંભાષણથી તથા પંપા સરોવરના દર્શનથી એ અતિશય આનંદમગ્ન બની જાત, સરોવરના દર્શનથી એનો ઉલ્લાસ માતો નહિ અને કમળ પણ એને એટલાં બધાં ગમતાં કે વાત નહિ. આ રંગબેરંગી પુષ્પોની વેણી એને કેટલી બધી આકર્ષક લાગત? પરંતુ એ છે જ ક્યાં? ચારે તરફ નજર નાખું છું છતાં પણ એ ક્યાંય દેખાતી જ નથી. વિધાતાએ એના રૂપમાં મારા જીવનના સર્વશ્રેષ્ઠ સૌભાગ્યને મારી પાસે મોકલી આપેલું. તે સૌભાગ્ય એનું હરણ કરાવીને લઇ લીધું એનાથી મારે એ સર્વોત્તમ સૌભાગ્યસુખને વધારે વાર ના જોઇ શકાયું! એને એ સુખની ઈર્ષા થઇ એમ લાગે છે, કે પછી સીતાની પ્રાપ્તિની પાછળનું મારું પુણ્યકર્મ જ કદાચ પૂરું થઇ ગયું. એમાં વિધાતાને શા માટે દોષ દઉં?'

લક્ષ્મણે સંવેદન સાથે કહ્યું : 'તમારું પુણ્યકર્મ પૂરું નથી થયું, પરંતુ એ કર્મ અનંત હોવાથી હજુ બાકી છે. મને તો શ્રદ્ધા છે કે, સંસારની નાની કે મોટી કોઈયે શક્તિ તમને તથા સીતાને સદાને માટે છૂટી પાડી શકે તેમ નથી. આ તો કાળ તમારા બંનેના પવિત્ર ને પ્રખર પ્રેમની થોડીક કસોટી કરી રહ્યો છે. એમાં પણ કાંઈક મંગલ હશે એ નક્કી છે. તમે બંને આ કપરી કસોટીમાંથી પાર ઉતરશો અને એકમેકને પાછાં મળશો એમાં મને તો સહેજ પણ શંકા નથી લાગતી. સુવર્ણમૃગનો પ્રસંગ ના બન્યો હોત તો વિરહનો આ વખત કદાચ ના આવત!'

'મારીચે સુવર્ણમૃગનું રૂપ લઈને મારી સાથે છેતરપીંડી કરી એ તો સાચું, પરંતુ દૈવયોગથી તું પણ સીતાને અરણ્યમાં એકલી મૂકીને મારી પાછળ આવતો રહ્યો. પરંતુ હવે એને માટે અફસોસ કરવાથી શું વળે? જે થઈ ગયું છે એનો શોક નિરર્થક છે. એમાંથી આગળ રસ્તો કાઢીએ એ જ બરાબર છે. મન એ વાતને એ સારી પેઠે સમજે છે છતાં પણ સીતાની સુમધુર સ્મૃતિને નથી છોડતું. એ સ્મૃતિ સુધામય હોવા છતાં એને શોકિત ને સંતપ્ત કરે છે અને સ્નેહથી સંમિશ્રિત તેમ જ સુકોમળ હોવા છતાં વેદના ધરે છે, એ આશ્ચર્ય નહિ તો બીજુ શું છે?'

લક્ષ્મણ મૂક રહ્યો.

રામના શબ્દો સાંભળતાં એ ઊંડા ભાવમાં ડૂબી ગયો. એને સીતાનું સ્મરણ તો થઈ જ રહેલું, પરંતુ સાથે સાથે અયોધ્યાનું સ્મરણ પણ થઈ આવ્યું.

એનું મન પંપા સરોવરના પ્રશાંત પ્રદેશનો પરિત્યાગ કરીને અયોધ્યાના રમણીય રાજપ્રાસાદમાં પહોંચી ગયું.

( ક્રમશઃ )

## * નિર્વૈરતા *

નિર્વૈરતા અથવા વેર રહિત દશાનો મહિમા ઘણો મોટો માનવામાં આવ્યો છે. ભક્ત તથા જ્ઞાની પુરુષોના જીવનમાં એવી નિર્વૈરતા આપોઆપ જ પ્રકટે છે તેનું કારણ તેમની અંદર જાગેલો વિવેક હોય છે. એ વિવેકને લીધે તે જાણે છે કે સંસારમાં સર્વત્ર પરમાત્મા વિલસી રહ્યા છે. સંસારના રૂપમાં જે કાંઈ દેખાય છે તે પરમાત્માનું જ સાકાર સ્વરૂપ છે. સૌમાં એમનો પરમ પ્રકાશ પ્રકાશી રહ્યો છે. અને એ પ્રકાશ એની પોતાની અંદર પણ હોવાથી સૌની સાથે એનો અખંડ—અતૂટ આત્મિક સંબંધ છે. માટે કોઈની સાથે વેર કરવું બરાબર નથી. બીજા પર વેરભાવ રાખવાનો અર્થ પ્રકારાંતરે પરમાત્મા પર અથવા પોતાના પર વેર રાખવું એવો જ થાય. એટલે ભક્ત કે જ્ઞાની પુરુષ સૌના પ્રત્યે પ્રેમ રાખે છે.

બીજા સામાન્ય મનુષ્યો જ્ઞાન કે ભક્તિની એવી અસાધારણ અવસ્થાએ એટલા જલદી નથી પહોંચી શકતા, છતાં પણ એમને માટે નિર્વૈરતાનું મહત્ત્વ સારી પેઠે સ્વીકારવામાં આવ્યું છે, જીવનને સુખી કરવા, સંવાદી બનાવવા, શાંતિથી ભરવા ને શ્રેયસ્કર કરવા માટે માણસે વેરભાવમાંથી મુક્તિ મેળવવી જ જોઈએ એવી ભલામણ સંતપુરુષો તથા ધર્મશાસ્ત્રો તરફથી વારંવાર કરવામાં આવી છે. વેરભાવ દૂષણ છે ને નિર્વૈરભાવ ભૂષણ છે. વેરભાવના દૂષણમાંથી છૂટીને માણસે નિર્વૈરભાવના ભૂષણને ધારણ કરવું જોઈએ એવું અવારનવાર કહેવામાં આવ્યું છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * દીક્ષાગુરુ એક, શિક્ષાગુરુ અનેક *

ભારતના મહાન સ્વાનુભવસિદ્ધ આધ્યાત્મિક જ્યોતિર્ધર શ્રી રામકૃષ્ણ પરમહંસ દેવે એમના ભક્તોને એકવાર કહેલું કે દીક્ષાગુરુ એક, શિક્ષાગુરુ અનેક. ભક્તોએ પ્રશ્ન પૂછેલો કે ગુરુ એક હોય કે અનેક હોય? એના પ્રત્યુત્તરમાં એમણે એવું વિધાન કરેલું. પોતાના વિધાનના અનુસંધાનમાં એને અધિક સ્પષ્ટ કરતાં એમણે જણાવેલું કે ભાગવતમાં ભગવાન દત્તાત્રેયના અનેક ગુરુઓની કથા આવે છે. એ બધા જ્ઞાત—અજ્ઞાત, સામાન્ય—અસામાન્ય ગુરુઓ પાસેથી એમણે એક અથવા બીજી જાતની જીવનોપયોગી શિક્ષા ગ્રહણ કરેલી. એવી રીતે માનવની આંખ ઉઘાડી હોય, માનવના કાન ખુલ્લા હોય અને એનું મન ગ્રહણશીલ હોય તો એ પોતાની આજુબાજુના જીવનમાંથી, નિસર્ગમાંથી, અને વિવિધ વ્યક્તિઓના વ્યક્તિત્વમાંથી ઘણું ઘણું શીખી શકે છે. જીવન એ જગતવિશ્વવિદ્યાલય અથવા શાસ્ત્ર બને છે. ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની કથાનો ભાગવતોક્તસાર એજ છે. જીવનનું શિક્ષણ કદી પણ પૂરું નથી થતું અને શીખવા માગનાર જીવનના છેલ્લા શ્વાસ સુધી કાંઈ ને કાંઈ મહત્ત્વનું મહામૂલ્યવાન્ શીખી શકે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧